
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૦ (ચાલુ) વીર સં. ૨૫૦૨
વિ. સં. ૨૦૩૨ ફાગણ-ચૈત્ર

# શ્રી આત્માનંદ પ્રકાશ

## શ્રી મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક



### વીર વાણી

तत्थिमं पढमं ठाणं महावीरेण देसियं ।
अहिंसा निउणा दिट्ठा सव्वभूएसु संजमो ॥

તે તે તમામ ધર્મસ્થાનોમાં ભગવાન મહાવીરે પ્રથમ સ્થાન આ બતાવેલું છે—નાના મોટા તમામ જીવો સાથે સંયમપૂર્વક વ્યવહાર કરવાની પ્રવૃત્તિમાં તેમણે નિપુણ-તેજસ્વી અહિંસા જોએલી છે, અર્થાત એવી અહિંસાને તેમણે પ્રથમ સ્થાન આપેલ છે.

卐

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૩ ] માર્ચ-એપ્રિલ : ૧૯૭૬ [ અંક : ૫-૬

વાર્ષિક લવાજમ : ૭ રૂપિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપયોગી પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

૧. અધ્યાત્મકલ્પદ્રુમ : રચયિતા–આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર તથા વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ છઠ્ઠી આવૃત્તિ * કિંમત રૂા. ૮ ]

૨. જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ત્રીજી આવૃત્તિ * કિંમત રૂા. ૪ ]

૩. આનંદઘનજીના પદો : ભાગ પહેલો [ અપ્રાપ્ય ]
વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

૪. આનંદઘનજીના પદો : [ ભાગ બીજો ]
વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
[ કિંમત : રૂા. ૧૦ ]

૫. આનંદઘન ચોવીશી : વિવેચક : મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
[ કિંમત : રૂા. ૮ ]

## જૈન આગમ ગ્રંથમાળા

१. ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराईं च [ પૃષ્ઠ સંખ્યા : ७६२ * કિંમત રૂા. ૪૦ ]
२. ग्रन्थांक ९ : पण्णवणासुत्तं भाग १ [ પૃષ્ઠ સંખ્યા : ૫૦૨ * કિંમત રૂા. ૩૦ ]
३. ग्रन्थांक ९ : पण्णवणासुत्तं भाग २ [ પૃષ્ઠ સંખ્યા : ૬૩૨ * કિંમત રૂા. ૪૦ ]
४. ग्रन्थांक ४ : विवाहपण्णत्तिसुत्तं भाग १ [ પૃષ્ઠ સંખ્યા : ૫૪૪ * કિંમત રૂા. ૪૦ ]

## અન્ય ઉપયોગી પ્રકાશનો

૧. કાવ્યાનુશાસન : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂા. ૧૫-૦૦
૨ યોગશાસ્ત્ર : કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂા. ૧-૨૫
૩. અષ્ટક પ્રકરણ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કિંમત રૂા. ૦-૨૫
૪ Systems of Indian Philosophy : Late Shri V. R. Gandhi કિંમત રૂા. ૫-૦૦
૫. સુવર્ણ મહોત્સવ ગ્રન્થ : (ભાગ ૧-૨) કિંમત રૂા ૫૦-૦૦
સભ્યો તથા સંસ્થાઓ માટે કિંમત રૂા ૨૫-૦૦
૬. New Documents of Jaina Painting :
Dr. Moti Chandra & Dr. U. P. Shah કિંમત રૂા. ૧૨૫-૦૦

શ્રી મહાવીર જૈન વિદ્યાલય : ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૪૦૦૦૩૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી નાનચંદભાઈ મૂળચંદ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



શિબિ રાજાએ એક સરસ વાત કહેતા કહ્યું છે કે नत्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवं, कामयें दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् અર્થાત મને રાજ્ય કે સ્વર્ગ નથી જોઇતું, પણ મારા હાથે પીડિતોનાં દુઃખ દૂર થાય એજ મારી કામના છે. આવી ઉચ્ચ ભાવના જેમના જીવનમાં મહદ્ અંશે ચરિતાર્થ થયેલી જોવામાં આવે છે, તેવા શ્રી નાનચંદભાઇનો જન્મ આજથી લગભગ ૮૪ વર્ષ પહેલાં સંવત ૧૯૪૯ના માગશર શુદિ ૧૨ તા. ૫-૧૨-૧૮૯૨ના દિવસે ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના વરલ ગામે થયો હતો. સ્વ. મૂળચંદ દાદાને છ પુત્રો. સૌથી મોટા પુત્ર શ્રી લાલચંદભાઈ અને ધરમશીભાઈ આજે પણ વિદ્યમાન છે. ત્યારે શ્રી દુર્લભદાસભાઈ, ચત્રભુજભાઈ અને જમનાદાસભાઇ સ્વર્ગવાસ પામ્યા છે.

આવા બહોળા કુટુંબમાં શ્રી નાનચંદભાઈનો જન્મ થયો હતો. આજે સંયુક્ત કુટુંબની પ્રથા જો કે તૂટતી જાય છે પણ એ યુગ જુદો હતો. આવા મોટા કુટુંબ વચ્ચે જેનો ઉછેર થયો હોય તે સ્વાભાવિક રીતે જ વધુ સહિષ્ણુ, સમજુ અને અન્યના સુખદુઃખને સમજનારો હોય છે. સ્વમાન અને સ્વવિશ્વાસનો ગુણ તો શ્રી નાનચંદભાઇને વારસામાં જ મળ્યો છે. સ્વમાન, આત્મજ્ઞાન અને આત્મનિગ્રહ આ ત્રણે ગુણો દ્વારા માણસ મહાન બની શકે છે અને આ ગુણોનો આવિર્ભાવ શ્રી નાનચંદભાઈમાં થયેલો સ્પષ્ટ દેખાઇ આવે છે.

વરલ ગામ છે તો નાનકડું પણ એ ભૂમિ ભારે રળિયામણી અને સોહામણી છે આવા ગામમાં આવા માતાપિતાને ત્યાં જન્મ પ્રાપ્ત થવો એ જ મોટા સદ્‌ભાગ્યની નિશાની છે. શ્રી નાનચંદભાઇએ પ્રાથમિક અભ્યાસ વરલમાં જ કર્યો. તેમણે વિચાર્યું કે પોતાની જાતની, કુટુંબની અને ગામની આબાદી માટે પરદેશ જવાનું જરૂરી છે નાનકડા ગામમાં તો બીજું શું સાહસ થઈ શકે? બળવાન અને કામ કરવાની તૈયારી સાથેના હેતુવાળા માણસને પોતાના બે હાથ અનેક હાથોનું કામ આપી શકે છે. પોતાને મળતી ભળતી વસ્તુને પોતાનામાં ખેંચવાની તેની દૃઢ શક્તિના કારણે, માત્ર ૧૪ વર્ષની વયે જ સં. ૧૯૬૩માં મુંબઈ આવ્યા. શરૂઆત નોકરીથી કરી અને અનુભવ લીધા બાદ સં. ૧૯૯૦માં મુલજી જેઠા મારકેટમાં નાનચંદ મુલચંદના નામની દુકાન કરી.

તેમના પ્રથમ લગ્ન મહુવાવાળા વકીલ માણેકલાલ દેવચંદની પુત્રી સાથે થયા, પણ થોડા વર્ષ બાદ એ બેનનો સ્વર્ગવાસ થતાં તેમના બીજા લગ્ન ઠળિયા થયા. તે બેનનું આયુષ્ય પણ ટૂંકું જ હતું. ત્રીજી વખત તેમના લગ્ન દાઠાવાળા ઓધવજી દેવચંદની સુપુત્રી સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયું. તે બેન પણ સં. ૧૯૮૯માં સ્વર્ગવાસ પામ્યાં. આમ ૪૦ વર્ષની વયે તેઓ વિધુર થયા. મોટું કુટુંબ અને વડીલ બંધુઓ હતા, એટલે સ્વાભાવિક રીતે જ ફરી લગ્ન કરવા અર્થે તેમની પર દબાણ થયું, પણ પુત્રો પુત્રીઓ હતા અને જે સાંસારિક જીવનનો કુદરતી રીતે જ અંત આવ્યો, તે સાંધવાની તેમને ઇચ્છા ન જ થઈ. જીવન જે સ્વરૂપે કુદરતી રીતે જ પ્રાપ્ત થયું હોય, તે જ સ્વરૂપે તેને સ્વીકારી લેવામાં ડહાપણ અને સુખ માન્યું.

આજે છેલ્લા ૪૩ વર્ષથી શ્રી નાનચંદભાઇ વિધુર બની ધર્મ પરાયણ જીવન ગાળે છે. શરીર તંદુરસ્તીનો સંબંધ માણસની પ્રકૃતિ અને સ્વભાવ પર પણ આધાર રાખે છે. આજે ૮૪ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ તેમની તમામ ઇંદ્રિયો સાબુત અને સરસ રીતે કામ કરતી રહી છે. સં. ૧૯૧૦માં સાઠ વર્ષની વયે તેઓ સક્રિય ધંધામાંથી નિવૃત્ત થઈ ગયા છે અને બધો વહીવટ તેમજ કામકાજ તેમના બંને સુપુત્રો શ્રી કેશવલાલભાઇ અને શ્રી જયચંદભાઈ સંભાળે છે. જેવું વૃક્ષ તેવા ફળ કહેવત અનુસાર બંને પુત્રોને પિતાના સદ્ગુણોનો વારસો પ્રાપ્ત થયો છે. શ્રી નાનચંદભાઇએ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ દીપાવ્યાં છે અને આજે જો કે પોતે વનનિવાસી નથી બન્યાં, છતાં યોગાશ્રમમાં જે જીવનનો લાભ મળે, તેવો જ લાભ ઘર આંગણે રહી લઈ રહ્યાં છે. એમના વિશાળ કુટુંબમાં નાનામાં નાનું બાળક એમના નાનચંદ દાદા પ્રત્યે ભારે માન અને પ્રેમની લાગણી ધરાવે છે. કુટુંબનો આવો અનુપમ પ્રેમ મેળવનાર વ્યક્તિ આપણા સમાજમાં બહુ વિરલ હોય છે.

परोपकाराय सतां विभूतयः અર્થાત સત્પુરૂષોની વિભૂતિઓ પરોપકાર અર્થે જ હોય છે, એ વાત શ્રી નાનચંદભાઈના જીવન પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે. પોતાના વતન વરલ અને વરલ નિવાસીજનો પ્રત્યે એમને અનન્ય પ્રેમ અને ભક્તિ છે. જ્યારે જ્યારે વરલ જાય ત્યારે ગામવાસીઓને પોતે કેમ મદદરૂપ બની શકે એ જ એમનું ધ્યેય હોય છે. વૃદ્ધાવસ્થા થવા છતાં તેઓ અચૂક પોતાના વતનમાં વરસે એકાદ બે વખત તો જતા જ હોય છે, દુષ્કાળના કપરા સમયમાં પણ એમણે વતનને યાદ કરી વરલમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સહાયરૂપ બનવા સસ્તાભાવે અનાજ પૂરું પાડવા માટે રૂા ૫૦૦૦ની રકમ આપી હતી. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણાના સુવર્ણ મહોત્સવ પ્રસંગે તેમની વરણી અતિથિ વિશેષ તરીકે કરવામાં આવી હતી. જૈન સંયુક્ત ગૃહ–મુંબઈમાં એક સ્કોલર રાખવા તેમણે રૂા. ૧૨૦૦૧ની રકમ આપેલ છે. પાલીતાણા બાળાશ્રમ, મહુવા યશોવિજયજી ગુરુકુળ, તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેમણે પ્રેમભાવે દાન કર્યું છે પણ તે પાછળ કીર્તિ કે નામના મેળવવાની કદીએ ઇચ્છા કરી નથી. ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતી પ્રસંગે કુટુંમના સભ્યો, સ્નેહીઓ અને મિત્ર વર્ગમાં તેમણે ભગવાન મહાવીરના ચાંદીના સિક્કાની પ્રભાવના કરી હતી. He that does good to another does good also to himself અર્થાત્ બીજાનું ભલું કરવું તેમાં પોતાનું ભલું પણ રહેલું છે, એ સૂત્ર તેમના જીવનનો મુદ્રાલેખ બની ગયો છે.

આવા એક ઉદારચરિત, સૌજન્યશીલ, સેવાભાવી અને સ્ફટિક જેવું નિર્મળ ચારિત્ર ધરાવનાર શ્રી નાનચંદભાઈ જેવી વિશિષ્ટ વ્યક્તિને પેટ્રન તરીકે પ્રાપ્ત કરી અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેઓ દીર્ઘાયુષ થઈ આવા અનેક પરોપકારી કાર્યો કરતા રહે એવી શુભ મનોકામના સેવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મહાવીર સ્તુતિ (કાવ્ય) | પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી | ૫૯ |
| ૨. | મહાવીર અને અહિંસા (કાવ્ય) | શ્રી શાંતીલાલ બી. શાહ | ૬૦ |
| ૩. | જ્યોતિર્ધર ભગવાન મહાવીર | શ્રીમતી ભાનુમતી દલાલ | ૬૧ |
| ૪. | મહાવીર (કાવ્ય) | શ્રી મગનલાલ દલીચંદ દેસાઇ | ૬૩ |
| ૫. | ભગવાન મહાવીરનો સ્યાદ્વાદ | પ્રો. પ્રેમસુમન જૈન | ૬૪ |
| ૬. | મને હો વીરનું શરણું (કાવ્ય) | આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી | ૬૮ |
| ૭. | પળનો પણ પ્રમાદ ન કરીશ | પ્રો. શ્રી કુમારપાળ દેસાઈ | ૭૦ |
| ૮. | પાંચમા ચક્રવર્તી શાંતિનાથ ભગવાન | શ્રી માણેકલાલ મ. દેશી | ૭૩ |
| ૯. | ભૂલતા શીખો | શ્રી કરસન પટેલ | ૭૫ |
| ૧૦ | આંખનું નૂર ( હાસ્ય લેખ ) | શ્રી મદનકુમાર મઝમુદાર | ૭૯ |
| ૧૧ | દિવ્ય દૃષ્ટા ભગવાન મહાવીર સ્વામી | પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી | ૮૩ |
| ૧૨ | દેવ કે માનવ ? | શ્રી મનસુખલાલ તા. મહેતા | ૮૭ |
| ૧૩ | માનવ અને માનવતા | | ૯૧ |


આ સભાનો નવા માનવંતા પેટ્રન— [ વાર્ષિક લવાજમ : છ રૂપિયા ]

**શ્રી મનસુખલાલ ચીમનલાલ : ભાવનગર (હાલ મુંબઇ)**

**નવા આજીવન સભ્ય**

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સાહિત્ય સંરક્ષક સમિતિ**

**અ મ દા વા દ**

## 'આત્મનંદ-પ્રકાશ'નું નવું સ્વરૂપ

કેટલાક સમયથી સ્નેહીઓ અને શુભેચ્છકો તરફથી એવી માંગણી આવતી હતી કે 'આત્મનંદ-પ્રકાશ' માત્ર લાઇફ મેમ્બરો અને પેટ્રનોને જ મોકલવામાં આવે છે તેને બદલે તેના લવાજમથી ગ્રાહકો બનાવી અન્ય જ્ઞાનપીપાસુઓને પણ તેનો લાભ મળે તે જરૂરી છે.

આ માગણીને લક્ષ્યમાં લઈ શ્રી જૈન આત્માનંદ સભાની કાર્યવાહી સમિતિએ આત્માનંદ-પ્રકાશ માસિકનો વધારે પ્રમાણમાં લાભ લેવાય તે હેતુથી વાર્ષિક છ રૂપિયા લઇ ગ્રાહક નોંધવા ઠરાવેલ છે.કાગળ, પ્રિન્ટીંગ વગેરેની મોંઘવારી છતાં માત્ર જ્ઞાન પ્રચારના હેતુથી જ વાર્ષિક છ રૂપિયા લવાજમ રાખ્યું છે, તો સૌ જિજ્ઞાસુઓને ગ્રાહક તરીકે નામ નોંધાવી તેનો લાભ લેવા વિનંતી છે.

લવાજમ સભાના કાર્યાલયમાં રોકડેથી અગર મનીઓર્ડરથી સ્વીકારવામાં આવશે. વી. પી. કરવામાં આવશે નહિ, તેની નોંધ લેવા વિનંતી.

સાથોસાથ અમોએ પ્રેરણાદાયી સમાચાર, સમાજ સેવાના કાર્યોની નોંધ, વાર્તા, નિબંધ, બાળવિભાગ વગેરે વિભાગો ઉમેરી માસિકને નવો ઓપ આપવા વિચાર્યું છે, અને આ માટે અમોએ વિદ્વાન મુનિરાજો અને સારા લેખકોનો સહકાર પણ મેળવવા વિચાર્યું છે. તો જ્ઞાન-પ્રચારના આ કાર્યમાં સૌ શુભેચ્છકો અને સ્નેહીઓને સહકાર આપવા નમ્ર વિનતિ.

મંત્રીઓ-**શ્રી જૈન આત્માનંદ સભા**

For Private And Personal Use Only

# શાપરીઆ

: બનાવનારા :

* બાજીર્સ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ....................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ....................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

## પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : **શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ**

મેનેજીંગ ડીરેક્ટર : **શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ**

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૩૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી-મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૩ | વિ. સં. ૨૦૩૨ ફાગણ-ચૈત્ર : ઇ. સ. ૧૯૭૬ માર્ચ-એપ્રિલ | અંક : ૫-૬

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી

# महावीर स्तुतिः

ज्ञानाकारं निराकारं सद्रूपं रूपवर्जितम् ।
अवेदं वेदज्ञातारं वन्देऽहं ज्ञातनन्दनम् ॥ १ ॥

सकामं भव्यकल्याणे निष्कामं कायमण्डने ।
गुणवन्तं गुणातीतं वन्देऽहं ज्ञातनन्दनम् ॥ २ ॥

चतुर्विशं च देवार्यं महावीरं जिनेश्वरम् ।
अचक्षुश्चक्षुदतारं वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ३ ॥

निर्गुणो वीतरागोऽपि देवसेव्योऽप्यलक्षितः ।
पूर्णानन्दः सदाभोक्ता वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ४ ॥

રચયિતા : પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજય
(કુમાર શ્રમણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર અને અહિંસા

જગમાં જ્યારે હિંસા કેરા, મહાન રાજ્યો જામ્યાં,
લોહી તણી વ્હેતી ગંગાએ, સાગરજળ રંગાયા;
ધર્મ અધર્મ ત્યાં કોઈ ન સમજે, ભાઇ ભાઇને કાપે,
અહિંસાનો પયગમ્બર પ્રગટ્યો, ભારત પુણ્ય પ્રતાપે.

મહાવીર ત્હું વીર સાચો,
તુજ મારગ છે જગથી ન્યારો !

તુજ સામર્થ્યે મહાન્ ગિરિવર, મેરુશીખર કંપ્યો,
તુજ સામર્થ્યે સળગેલો સંસાર, શાન્તિથી જંપ્યો;
ત્હેં જોયું કે જગતમહીં સહુ, અજ્ઞાને અથડાતા,
ત્હેં જોયું કે અંધ બની સહુ, પાપમહીં પટકાતાં;
ત્હેં જોયું કે, ધર્મગુરુઓ, હિંસા ધર્મ પ્રસારે,
દેવદેવીના મંદિરમાં, નિર્દોષ પશુ સંહારે.

જીવદયા પ્રતિપાળ ત્હું સાચો,
તુજ મારગ છે જગથી ન્યારો !

જોઇ જગતનાં દુઃખ અનેરાં, રાજવૈભવ ત્હેં ત્યાગ્યા,
દીક્ષા લેઈ ચાલ્યો વનવન, અન્ન અને જળ ત્યાગ્યા;
ઘોર તપસ્યા સાધી જગને, પ્રેમમંત્ર સુણાવ્યો,
હિંસા શસ્ત્ર સજેલાં સહુને, અહિંસા મંત્ર પઢાવ્યો;
અહિંસા કેરા મારગ ઉપર, બુદ્ધ-ઈશુ પણ ચાલ્યા,
અહિંસા કેરા મારગમાં, ગાંધીએ પગલાં પાડ્યાં.

અહિંસા પરમો ધર્મ છે સાચો,
તુજ મારગ છે જગથી ન્યારો !

આજ અહિંસા સહુ ધર્મોમાં, પરમ ધર્મ પંકાયે,
આજ અહિંસા સહુ શસ્ત્રોમાં, કાતીલ શસ્ત્ર મનાયે;
આજ અહિંસા આગળ જગનો, દારૂગોળો ઠરશે,
આજ અહિંસાથી તો જગને, સાચી શાંતિ મળશે.

વિશ્વધર્મ છે એકજ સાચો,
તુજ મારગ છે જગથી ન્યારો !

મહાવીરનો સંદેશ જગતને, ખૂણે ખૂણે કહેજો,
અહિંસા કેરી વિજયપતાકા, ઊંચે ગગને ઉડજો.

—શાન્તિલાલ બી. શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્યોતિર્ધર ભગવાન મહાવીર



—ભાનુમતી દલાલ

સિદ્ધિ-લક્ષ્ય બિંદુને પ્રાપ્ત કરવા દરેક વ્યક્તિએ સાધના કરવી અતિ જરૂરી છે. સાધના દ્વારા જ સિદ્ધિને પ્રાપ્ત કરી શકાય છે. ભગવાન મહાવીરની સાધના એ પૂર્ણ સ્વરૂપે હતી. મહાવીર બનવા માટે તેમણે તપ કર્યું, અને મહાન ઉપસર્ગોનો સામનો કરવા એમણે ભગીરથ પ્રયત્નો કર્યા હતા. દીપકને સૂર્ય બનાવવા, બિન્દુને સિન્ધુમાં ફેરવવા તથા કણને વિરાટ રૂપ આપવાની અજબ સંજીવની તેમની સાધનામાં અન્તર્ગત રહેલી હતી.

એમનું સાધનામય જીવન ઘણું કઠોર હતું. ન તેમની પાસે કોઈ પરિચારક, ન કોઈ ઉપાસક ભક્ત કે એમનું ધ્યાન રાખી શકે. એમનામાં રહેલી કષ્ટ સહિષ્ણુતા અડગ બ્રહ્મચર્ય સાધના, અહિંસા અને ત્યાગના ઊંડા નિયમોનું પરિપાલન અને પોતાના દેહ પ્રત્યે પૂર્ણ અનાસક્તિ ભાવ રાખતા.

વનના પ્રાણીઓ, પ્રાણ હરનારા ઉપસર્ગો અને અજ્ઞાની લોકોની અજ્ઞાનતાનો ત્રાસ તેઓ સહજ ભાવે સહન કરતા. પહાડો અને ગુફાઓના એકાન્તમાં કોઈ શૂન્ય જગ્યામાં તો કોઈવાર નદી કિનારે પોતે ધ્યાનસ્થ દશામાં રહી આત્મરમણમાં લીન રહેતા.

ખાવા પીવામાં અદ્ભૂત સંયમ, પ્રમાદ ઉપર કઠોર નિયંત્રણ કરી અપ્રમત્ત ભાવથી સતત્ આત્મ મંથન કરતા. કડકડતી ઠંડી હોય, ગ્રીષ્મ ઋતુનો તાપ હોય કે વર્ષા ઋતુની જલધારા ગર્જના કરતી વરસતી હોય તો પણ પ્રભુ મહાવીર પોતાના ધ્યાનમાંથી કદી વિચલિત ન થતાં કે તેમના મન ઉપર કોઈ અસર ન થતી. સહજ ભાવે તેઓ આવેલ પરિસ્થિતિને સ્વીકારી લેતા.

ફક્ત તેઓનું એક જ લક્ષ્ય હતું કે પોતાનામાં આત્મ જ્યોતિના મહાપ્રકાશનું કીરણ ક્યારે પ્રાપ્ત થશે? એના અવલોકનમાં તેઓ મગ્ન રહેતા.

એવા મહાન પ્રભુ મહાવીરના જીવનનો એક પ્રસંગ આપણા સૌના જીવનમાં કેળવવા જેવો છે.

મહાપુરુષો પોતાના જીવન કાળમાં એવા ચીર સ્મરણીય જીવન કાર્યો કરી જાય છે જે અનેક યુગમાં થનાર મહાન સંતતીને મહાન બનવા પ્રેરણારૂપ બને છે.

ભગવાન મહાવીરના જીવન પ્રસંગો એક વિશિષ્ટ કોટિના છે અને આપણા સૌના જીવનમાં એ પ્રસંગો આપણા મનનું ઘડતર કરે છે.

આજે શક્તિશાળી વર્ગ નબળા વર્ગનું શોષણ કરી રહ્યો છે. જેની પાસે આજે સત્તા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે એ વ્યક્તિ સત્તાના આધારે બીજા ઉપર જોર કરી રહેલ છે. આવી જ ઘટના ભગવાન મહાવીરના જીવનમાં ઉપસ્થિત થઈ હતી.

એકવાર ભગવાન મહાવીરને વાણીજ્ય ગામમાં જવું હતું. વાણીજ્ય ગામમાં જવા માટે ગંડકી નદી પસાર કરવી પડે એમ હતી એટલે બધા લોકો નદી પાર કરવા માટે વ્હાણમાં બેઠા. એમ ભગવાન પણ વ્હાણમાં બેસી ગયા. વ્હાણ આગળ વધવા લાગ્યું. જ્યારે વ્હાણ નદીના સામા કીનારે નાંગર્યું ત્યારે એક પછી એક મુસાફરો ઉતરવા લાગ્યા અને વ્હાણના નાવિકને સૌ પોતાનું વ્હાણ ભાડુ આપવા લાગ્યા. ભગવાન પણ ઉતર્યા, પણ ભગવાન પાસે ભાડુ આપવા માટે પૈસા ન્હોતા એટલે નાવિકે તેમને અટકમાં રાખ્યાં.

થોડો સમય વિત્યા બાદ બીજા ઉતારૂઓ સામે પાર જવા માટે આવવા લાગ્યા અને સૌ વ્હાણમાં બેસવા માંડ્યા. એમાંથી એક જણે ભગવાનને જોયા અને પોતાની ઓળખાણ આપી અને ભગવાનને પૂછયું કે "આપ તડકામાં કેમ ઉભા છો ?" ત્યારે ભગવાને નાવિકનો દોષ ન કાઢતા પોતાનો દોષ કાઢી જવાબ આપ્યો કે "હું મારી ભૂલનું પ્રાયશ્ચિત કરી રહ્યો છું" પેલી વ્યક્તિએ પૂછયું કે "કઇ ભૂલ ?" ભગવાને કહ્યું કે ગંડકી નદી પાર કરવા વ્હાણમાં બેઠો ત્યારે મારે નાવિકની રજા લેવી જોઇતી હતી. જે મેં લીધી નહિ અને બધા બેઠા તેમ હું પણ બેસી ગયો. પેલી વ્યક્તિએ કહ્યું કે "આમાં ભૂલ જેવું શું છે ?" ગંડકી નદી પાર કરવા બધા જ વહાણમાં બેસે છે."

'એ વાત ખરી પણ ભાઈ જે લોકો વ્હાણમાં બેસે છે તેઓ પોતાનું ભાડુ નાવિકને આપી દે છે. જ્યારે મારી પાસે ભાડુ આપવાના પૈસા ન્હોતા. તે માટે મારી ફરજ હતી કે મારે વ્હાણમાં બેસતા પહેલા નાવિકની પરવાનગી લેવી જોઈતી હતી.' ભગવાન અકિંચન, અપરિગ્રહી ત્યાગી હતા એટલે એમની પાસે કયાંથી પૈસા હોય ? એ સ્વાભાવિક છે.

પેલી વ્યક્તિને આ વાત સાંભળી ઘણું દુઃખ થયું એટલે તેણે ક્રોધિત ભાવથી નાવિકો તરફ જોયું ! નાવિકો ગભરાઈ ગયા. ભગવાન તરત જ બોલ્યા કે "હે ભાઈ ! તું નાવિકોને ગભરાવ નહિ, એમાં એમનો કોઇ દોષ નથી. જે દોષ છે તે મારો છે. મારી પાસે પૈસા ન્હોતા તો મારે તેઓને કહેવું જોઇતું હતું કે તમે મને વગર પૈસે સામે પાર લઈ જશો ? એ ન પૂછયુ તો દોષ મારો જ છે. માટે તુ એમના ઉપર ગુસ્સે ન થા !" આ શબ્દો સાંભળી પેલી વ્યક્તિનો ક્રોધ શાંત થયો અને તેણે નાવિકોને રૂપીયા આપી સંતુષ્ઠ કર્યા અને ભગવાનનો પરિચય નાવિકોને આપ્યો. નાવિકોને પણ ભગવાનને તડકે ઊભા રાખ્યા તેનું ખૂબ દુઃખ અને વેદના થઇ, પણ ભગવાનની કરૂણા દૃષ્ટિથી તેઓ ખૂબ હર્ષ પામ્યા અને આનંદ વિભોર બની પોતાનું વ્હાણ હંકારી ગયા.

આ ઉપરથી ફલિત એ થાય છે કે આપણી ભૂલો પ્રત્યે પહેલા આપણે જોવું, પછી બીજાના દોષો તરફ આપણે નજર કરવી. આપણા જીવન પ્રસંગોમાં આવા ઘણા પ્રસંગો આવતા હોય છે પણ આપણી ભૂલોને સ્વીકારતા આપણને આપણી માનહાની દેખાય છે અને એ ભૂલો છૂપાવવા અનેક સાચા જૂઠા કરી અનેક કર્મના ભાગી બનીએ છીએ. આપણે સૌ પ્રથમ આપણી ભૂલો તરફ નજર કરી, મનથી એ ભૂલોને વારંવાર ખમાવી પછી બીજાની ભૂલો પ્રત્યે નજર કરવી, પણ બીજાની ભૂલોને પણ આપણા અંતરમાં શમાવી તેને ક્ષમા આપવી એજ આપણા જીવનની સફળતા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરના જીવનના આવા અનેક પ્રસંગો છે કે જે આપણા જીવનમાં ઘડતર કરેછેઅને આપણા રોજીંદા જીવનમાં બોધપાઠ આપે છે, આપણા જીવનને મહાન બનાવવા આ પ્રસંગો પ્રેરણારૂપ બને છે.

આવી રહેલ ચૈત્ર સુદિ તેરશે ભગવાન મહાવીરના જન્મકલ્યાણકના દિવસે એ મહાન જ્યોતિર્ધર પ્રભુ મહાવીરને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ! અને એના ગુણો આપણા જીવનમાં કંઈક અંશે પ્રગટ થાય એવો પુરુષાર્થ કરીએ!



## મહાવીર

પૃથ્વી છંદ ( સોનેટ )



ધરા ફળ ફૂલે લચે લલિત દેહ નીલાંબરે!
કથે કથન લોક કે 'પરમ આત્મ કો જન્મશે!'
ઝુલે કનક પારણે મધુર ગાય મા ત્રિશલા,
ઢળે ચરણુ ઈન્દ્ર જ્યાં પુનિત ભાગ્ય શા ભોમના!
વહે જીવન લગ્નનું જનક માત આજ્ઞા શિરે,
છતાં સમય ધ્યાનમાં અનુપ ધ્યેય ના વિસ્મરે.
તજી સકળ દાનમાં વચન એક દિક્ષા સમે,
અહો! પણ ન તે રહ્યું વન ગયા દિવ્યાંબરે.
તપોબળ અમાપ છે સબળ સંયમી શૂરની—
ફળી સતત સાધના અગમ પ્રાપ્તિ કૈવલ્યની.
ડૂબી અગમ ચિંતને મધજલે લહે મૌક્તિકો,
ધરે જગત સમ્મુખે ગણધરો મહા તત્ત્વકો;
"ન કો અધમ ઉચ્ચ છે, નિયમ કર્મનો જીવને,
મળે પરમ સિદ્ધિ, જો મનુજ ઓળખે આત્મને."

—મગનલાલ દલીચંદ દેસાઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો સ્યાદ્વાદ

મૂળ હિન્દી લે. ડૉ. પ્રેમસુમન જૈન પ્રો. સંસ્કૃત પ્રાકૃત વિભાગ-
ઉદયપુર વિશ્વ વિદ્યાલય
અનુવાદક : કા. જ. દોશી

મહાવીર વિશ્વના ઇતિહાસમાં એક એવું નામ છે કે જેણે અઢી હજાર વર્ષ પૂર્વે ભારતમાં માનવતાની જ્યોત પ્રગટાવી હતી. જગતના સમસ્ત પ્રાણીઓના હિત માટે તે મહાપુરુષે અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તવાદ વગેરે કલ્યાણકારી સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. આજ આખું વિશ્વ મહાવીરને તેમની લોકોપકારી ઉપદેશોને માટે તેમને યાદ કરી રહ્યું છે.

મહાવીરના યુગમાં ચિંતનની ધારા અનેક ટુકડામાં વહેંચાઇ ગઇ હતી. વૈદિક પરંપરાના અનેક વિચારક તથા શ્રમણ પરંપરાના ૬-૭ દાર્શનિકો તે વખતે અસ્તિત્વમાં હતા. આ સર્વે ચિંતકો પોતપોતાની દૃષ્ટિથી સત્યને પૂર્ણ રૂપે જાણી લીધું છે એવો દાવો કરતા હતા. દરેકના કથનમાં એ આગ્રહ હતો કે હું જ સત્યને જાણું છું, બીજા કોઇ નહિ.

મહાવીર આ બધું જોઇ સાંભળીને આશ્ચર્યમાં પડ્યા કે સત્યના આટલા બધા દાવેદાર હોઈ શકે? સત્યનું સ્વરૂપ તો એક જ હોવું જોઇએ. આવી સ્થિતિમાં મહાવીરે પોતાની સાધના અને અનુભવના આધાર ઉપર કહ્યું કે સત્ય એટલું જ નથી કે જેને વ્યક્તિ જોઇ રહી છે કે જાણી રહી છે. આ તો વસ્તુના એક ગુણનું જ્ઞાન છે. પદાર્થમાં અનેક ધર્મ, અનેક ગુણ તથા અનેક પર્યાય હોય છે. પરંતુ વ્યવહારમાં તેનું એક સ્વરૂપ આપણી સામે આવે છે. તેને જ માત્ર આપણે જાણીએ છીએ. બાકીના બીજા ગુણો અકથિત રહી જાય છે. તેથી પ્રત્યેક વસ્તુનું કથન સાપેક્ષ રૂપે જ હોઈ શકે છે. આ કથનપદ્ધતિ એ જ સ્યાદ્વાદ છે. જૈનાચાર્યોએ મહાવીરના આ કથનનો જ વિસ્તાર કર્યો છે.

સ્યાદ્વાદ મહાવીરના જીવનમાં વ્યાપ્ત હતો. તેમના બાળપણમાં જ સ્યાદ્વાદના ચિંતનની શરૂઆત થઈ ગઇ હતી.

એમ કહેવામાં આવે છે કે એક દિવસ વર્ધમાનના કેટલાક બાળમિત્રો તેમને શોધતા શોધતા ત્રિશલા માતાની પાસે પહોંચ્યા. ત્રિશલાએ કહી દીધું કે "વર્ધમાન ભવનમાં ઉપર છે." બાળકો સહુથી ઉપરના માળે પહોંચ્યા. ત્યાં પિતા સિદ્ધાર્થ હતા, વર્ધમાન નહોતા. જ્યારે બાળકોએ પિતા સિદ્ધાર્થને પૂછ્યું તો તેમણે જવાબ દીધો કે "વર્ધમાન નીચે છે." બાળકો નીચેના માળે દોડીને ગયા. તેમણે વચ્ચેના એક માળના એક બારણા પાસે વર્ધમાનને ઊભેલા જોયા. બાળકોએ મહાવીરને ફરીયાદ કરી કે આજ આપના પિતા તથા મા જુઠું બોલ્યા. એકે કહ્યું હતું કે 'વર્ધમાન ઉપર છે', બીજાએ કહ્યું હતું કે 'વર્ધમાન નીચે છે', પરંતુ "તમે તો અહીંઆ વચ્ચેના માળ ઉપર છો, નહિ નીચે, નહિ ઉપર."

વર્ધમાને પોતાના મિત્રોને કહ્યું, 'તમને ભ્રમ થયો છે, મા અને પિતાજીએ સત્ય કહ્યું હતું; તમારા સમજવામાં ફેર છે. મા નીચેના માળ પર ઊભા હતા તેથી તેમની અપેક્ષાએ હું ઉપર હતો અને પિતાજી સૌથી ઉપરના માળ પર હતા તેથી તેમની અપેક્ષાએ હું નીચે હતો.' વસ્તુઓની સઘળી સ્થિતિઓના સંબંધમાં આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે વિચાર કરવાથી આપણે સત્ય સુધી પહોંચી શકીએ છીએ, ભ્રમમાં પડતા નથી. વર્ધમાનની આ વ્યાખ્યા સાંભળી બાળકો ચકિત થઇ ગયા. મહાવીરે સ્યાદ્વાદનો સિદ્ધાંત સમજાવી દીધો.

સ્યાદ્વાદ અને અનેકાન્તવાદનો ઘનિષ્ઠ સંબંધ છે. ભગવાન મહાવીરે આ બન્નેના સ્વરૂપ અને મહત્ત્વ સ્પષ્ટ કર્યા છે. અનેકાન્તવાદના મૂળમાં છે—સત્યની શોધ. મહાવીરે પોતાના અનુભવથી જાણ્યું હતું કે આ જગતમાં અથવા વિશ્વની વાત તો દૂર રહી, વ્યક્તિ પોતાના મર્યાદિત જ્ઞાન દ્વારા ઘડાને પણ પૂર્ણરૂપે જાણી શકતી નથી. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વગેરે ગુણોથી યુક્ત તે ઘડો નાનો–મોટો, હલકો–ભારે, ઉત્પત્તિ–નાશ, વગેરે અનંત ધર્મથી યુક્ત છે, પણ જ્યારે કોઇ વ્યક્તિ તેનું સ્વરૂપ કહેવા લાગે છે તો એક જ સમયે કોઇ એક જ ગુણને કહી શકે છે. આ સ્થિતિ સંસારની દરેક બાબતમાં છે.

આપણે દરરોજ સોનાના આભૂષણ જોઇએ છીએ. લાકડાંનું ટેબલ જોઇએ છીએ, અને કેટલાક દિવસ પછી તેના બગડતા સ્વરૂપ પણ જોઇએ છીએ. પરંતુ તેમાં સોનુ અને લાકડુ એનું એ જ રહે છે. આજના યંત્ર યુગમાં કોઇ ધાતુના કારખાનામાં આપણે ઉભા રહીએ તો જોઇ શકીશું કે શરૂઆતમાં પત્થરનો એક ટુકડો યંત્રમાં દાખલ થાય છે અને અંતમાં જસત, તાંબુ વગેરે રૂપમાં બહાર આવે છે. વસ્તુના આ સ્વરૂપને કારણે મહાવીરે કહ્યું હતું કે દરેક પદાર્થ ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા એમ ત્રણ ગુણોથી યુક્ત છે. દ્રવ્યના આ સ્વરૂપને ધ્યાનમાં રાખીને તેમણે જડ અને ચેતન એમ છ દ્રવ્યોની વ્યાખ્યા કરી છે. મતિ, શ્રુતિ, કેવળજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનનું સ્વરૂપ સમજાવ્યું છે. કેવળજ્ઞાન દ્વારા સત્યને પૂર્ણ સ્વરૂપે જાણી શકાય છે. તેથી સામાન્યજ્ઞાન હોવાથી આપણે પૂર્ણ જ્ઞાન થવાનો દાવો કરી શકીએ નહિ. જાણનાર પણ તેને બધી દૃષ્ટિએ અભિવ્યક્ત કરી શકતો નથી. એટલા માટે સાપેક્ષ કથન અનિવાર્ય છે સત્યની શોધની એ જ પગદંડી છે.

અનેકાંત દર્શન એ મહાવીરની સત્ય તરફની નિષ્ઠા બતાવે છે. તેમના સંપૂર્ણ અને યથાર્થ જ્ઞાનનું દ્યોતક છે. મહાવીરની અહિંસાનું પ્રતિબિંબ છે–સ્યાદ્વાદ. તેમના જીવનની આ સાધના રહી છે કે સત્યનું ઉદ્ઘાટન પણ સત્ય હોય અને તેના કથનમાં પણ કોઇને વિરોધ ન હોય. આ વાત ત્યારે જ શકય બને જ્યારે આપણે કોઇ પણ વસ્તુના સ્વરૂપનું વર્ણન કરતી વખતે તેના બીજા પક્ષને પણ ધ્યાનમાં રાખીએ તથા આપણી વાત પણ પ્રામાણિકતાથી કહીએ. 'સ્યાત્' શબ્દના પ્રયોગ દ્વારા એ સંભવિત છે. અહીં સ્યાત્‌નો અર્થ છે–અમુક અપેક્ષાએ આ વસ્તુ આવી છે.

આ વાત એક ઉદાહરણથી સમજી શકાશે. રાજેશ એક વ્યક્તિ છે. તે પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે તથા પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે. તે પતિ પણ છે અને જીજા પણ છે; મામા પણ છે અને ભાણેજ પણ છે. હવે કોઈ તેને માત્ર મામા જ માને અને અન્ય સંબધોને ખોટા ઠરાવે તો આ રાજેશ નામની વ્યક્તિનો ખરો પરિચય નહિ ગણાય. તેમાં હઠાગ્રહ છે–અજ્ઞાન છે. મહાવીર આવા પ્રકારના આગ્રહને વૈચારિક હિંસા કહે છે. અજ્ઞાનથી અહિંસા ફલિત ન થાય. તેથી તેમણે કહ્યું કે સ્યાદ્વાદ પદ્ધતિથી પ્રથમ વૈચારિક ઉદારતા પ્રાપ્ત કરો. માત્ર પોતાની જ વાત કહેવી એટલું જ પૂરતું નથી, બીજાને પણ પોતાનો દૃષ્ટિકોણ રજુ કરવાની તક આપો. સત્યનું દર્શન ત્યારે જ થયું કહેવાય. ત્યારે જ વ્યવહારની અહિંસા સાર્થક થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્યને જુદા જુદા દષ્ટિબિન્દુથી જાણવી અને કહેવી એ દર્શનક્ષેત્રમાં નવી વાત નથી. પરંતુ મહાવીરે સ્યાદ્વાદના કથન દ્વારા સત્યને જીવનની ધરતી પર ઉતારવાનું કાર્ય કર્યું છે. એજ એમની વિશિષ્ટતા છે. આપણે સહુ જાણીએ છીએ કે દરેક વસ્તુને ઓછામાં ઓછી બે બાજુ હોય છે. કોઈ પણ વસ્તુ માત્ર સારી જ નથી હોતી, કે સંપૂર્ણપણે બુરી હોતી નથીઃ—

दृष्टं किमपि लोकेऽस्मिन् न निर्दोषं न निर्गुणम् ।

લીમડો સામાન્ય વ્યક્તિને કડવો લાગે છે. એ જ લીમડો રોગીને માટે ઔષધિ સમાન છે એથી જ લીમડાના સંબંધમાં કોઈ એક વિચારણા કરીને બીજા કોઇ ગુણનો વિરોધ કરવો એ ખોટું ગણાય. સામાન્ય લીમડાની બાબતમાં આમ છે તો સંસારના અનંત પદાર્થોના અનંત ધર્મોના સ્વરૂપોને જાણીને તેનું આગ્રહપૂર્વક કથન કરવું સંભવિત નથી. મહાવીર આ બાબત સમજ્યા હતા. તેથી તેઓએ પોતાના વિચાર માનવ સુધી જ મર્યાદિત રાખ્યા નહિ. પ્રાણીમાત્રના સ્પન્દનની સાપેક્ષતાને પણ તેઓએ સ્થાન આપ્યું છે. મનુષ્યની જેમ એક સામાન્ય પ્રાણીને પણ જીવવાનો અધિકાર છે. પોતાના સાધનો દ્વારા તેમને પણ અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. આ મહાવીરના સ્યાદ્વાદની ફલશ્રુતિ છે.

મહાવીર અનેકાન્તવાદ અને સ્યાદ્વાદની એ ખોટી વિચારણાને દૂર રાખવા ચાહતા હતા કે જે વ્યક્તિના સર્વાંગીણ વિકાસમાં બાધક હોય. તેમના યુગમાં એકાન્ત દષ્ટિએ એમ કહેવામાં આવતું હતું કે જગત શાશ્વત છે અથવા ક્ષણિક છે. એનાથી વાસ્તવિક જગતનું સ્વરૂપ ખંડિત થતું હતું. મનુષ્યનો પુરુષાર્થ નિયતિવાદને હાથે કુંઠિત થવા લાગ્યો હતો. તેથી મહાવીરે આત્મા, પરમાત્મા અને જગત આ ત્રણે સ્વરૂપનો એ સાચો અર્થ સામે રજુ કરી દીધો કે જેનાથી વ્યક્તિ પોતાના માર્ગનો સ્વયં નિર્ણય કરનાર બને. મહાવીરની આ ભેટ અપૂર્વ હતી.

અનેકાન્ત અને સ્યાદ્વાદના સંબંધમાં મહાવીરે જે કહ્યું તે તેમના જીવનમાંથી પણ પ્રગટ થાય છે. તેઓ પોતાના જીવનમાં કદિ કોઇને બાધારૂપ બન્યા નથી. જગત્‌માં રહેતા હોવા છતા બીજાના સ્વાર્થની સાથે ટકરાવું નહિ એ બહુ ઓછા લોકોના જીવનમાં જોવા મળે છે. મહાવીરના મત પ્રમાણે આ ટકરાવાનું અધૂરા જ્ઞાન કે અહંકારથી થાય છે. પ્રમાદ કે અવિવેકથી એમ થાય છે. તેથી અપ્રમાદી બનીને વિવેકપૂર્વક આચરણ કરવાથી જ અનેકાન્ત જીવનમાં લાવી શકાય છે. અનેકાન્ત દષ્ટિથી જ સત્યનો સાક્ષાત્કાર થઇ શકે છે.

મહાવીર દ્વારા પ્રતિપાદિત સ્યાદ્વાદમાં વસ્તુ અનંત ધર્મવાળી હોવાથી તેને અવકતવ્ય કહેવામાં આવી છે. મુખ્યની અપેક્ષાએ ગૌણને અકથનીય કહેવામાં આવેલ છે; વેદાંત દર્શનમાં સત્યને અનિર્વચનીય અને બૌદ્ધ દર્શનમાં તેને શૂન્ય કે વિભજ્યવાદ કહેવામાં આવેલ છે. અન્ય ભારતીય દાર્શનિકો ઉપરાંત પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટીન તેમજ દાર્શનિક રસેલના સાપેક્ષવાદનો સિદ્ધાંત પણ મહાવીરના સ્યાદ્વાદની સાથે મળતો આવે છે. મહાવીરે કહ્યું હતું કે વસ્તુના કણ–કણને જાણો ત્યારે તેનું સ્વરૂપ કહો. જ્ઞાનની આ પ્રક્રિયા આજના વિજ્ઞાનમાં પણ છે. એનો અર્થ એ થાય કે સ્યાદવાદનું ચિંતન સંશયવાદ નથી, પરંતુ તેના દ્વારા ખોટી માન્યતાઓનો અસ્વીકાર અને વસ્તુના યથાર્થ સ્વરૂપનો સ્વીકાર એમ થાય છે. વિચારના ક્ષેત્રમાં એનાથી જે સહિષ્ણુતા વિકસિત થાય છે તે દીનતા કે જીહજુરીઆપણુ નથી, પરંતુ મિથ્યા અહંકારના નાશની પ્રક્રિયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શન તેમજ ચિંતનના ક્ષેત્રમાં અનેકાંત અને સ્યાદ્‌વાદની જેટલી આવશ્યકતા છે, એટલી જ એની આવશ્યકતા વ્યાવહારિક જીવનમાં પણ છે. વસ્તુતઃ આ વિચારધારાથી સાચા–ખોટાની પીછાન જાગૃત થાય છે. અનુભવ બતાવે છે કે એકાન્ત એ વિગ્રહ છે, કૂટ છે, જ્યારે અનેકાન્ત એ મૈત્રી છે–સંધિ છે. તે આ રીતે પણ સમજી શકાય છે, કે જે રીતે સાચા માર્ગ પર ચાલવા માટે કેટલાક આવવા–જવાના સંકેતો બતાવ્યા છે તે સંકેતો પ્રમાણે ચાલીને પથિક બરાબર પોતાના જવાના સ્થાન પર પહોંચી શકે છે. એ જ રીતે સ્વસ્થ ચિંતનના માર્ગ પર ચાલવાને માટે સ્યાદ્‌વાદ દ્વારા મહાવીરે સપ્તભંગી રૂપી સાત સંકેતોની રચના કરી છે. તેનું અનુસરણ કરવાથી કોઇ દુર્ઘટનાનો સંભવ રહેતો નથી, તેથી બૌદ્ધિક શોષણનું સમાધાન છે–સ્યાદ્‌વાદ.

મહાવીરના સ્યાદ્‌વાદથી ફલિત થાય છે કે આપણે પોતાના ક્ષેત્રમાં બીજાના માટે પણ સ્થાન રાખીએ. અતિથિના સ્વાગત માટે આપણો દરવાજો હંમેશા ખુલ્લો રાખીએ. આપણે ઘણુંખરૂં બાળપણથી જ કાગળ પર હાંસીયો છોડીને લખતા આવ્યા છીએ, જેથી આપણા લખાણ ઉપર કદી સંશોધન કે સુધારણાની અનુકૂળતા રહે. જે આપણે અધૂરૂં લખ્યું હોય તે પૂર્ણતા પામી શકે. મહાવીરનો સ્યાદ્‌વાદ જીવનના દરેક ક્ષેત્રમાં આપણને હાંસીઆ છોડવાનો સંદેશ આપે છે. ભલે આપણે જ્ઞાનનો સંગ્રહ કરીએ કે કીર્તિનો, દરેકની સાથે સાપેક્ષતાની આવશ્યકતા છે. સંવિભાગની સમજ જાગૃત થાય એ જ મહાવીરના અનેકાન્તને સમજ્યા બરાબર છે–એ જ આપણા ચરિત્રની ચાવી છે. અનેકાન્ત આપણા ચિંતનને નિર્દોષ બનાવે છે. નિર્મલ ચિંતનથી નિર્દોષ ભાષાનો વ્યવહાર થાય છે. સાપેક્ષ ભાષા વ્યવહારમાં અહિંસા પ્રગટ કરે છે. અહિંસક વૃત્તિથી બીનજરૂરી સંગ્રહ, કે કોઇનું શોષણ થતું નથી. જીવન અપરિગ્રહી બની જાય છે. આ રીતે આત્મશુદ્ધિની પ્રક્રિયાનો મૂલમંત્ર છે–મહાવીરનો સ્યાદ્‌વાદ.

તેથી સંસારના એક માત્ર ગુરુ અનેકાન્તવાદને મારા નમસ્કાર છે, જેના વિના લોકનો કોઈ વ્યવહાર સંભવિત નથી. જેમ કે :—

जेण विणा लोयस्सवि
ववहारो सव्वहा न निव्वडइ ।
तस्स भूवणेकगुरुणो णमो अणेगंतवायस्स ॥

(વીર પરિનિર્વાણમાંથી સાભાર ઉધ્ધૃત)
અંક ૫, વર્ષ ૨.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "મને હો વીરનું શરણું"

( કવ્વાલી )

જગતમાં સર્વ યોદ્ધામાં પ્રભુ ! મહાવીર ! તું મોટો;
હઠાવ્યો મોહને જલ્દી મને હો વીરનું શરણું.

અતિગંભીરતા ધારી, ગમન શાળા વિશે કીધું;
જણાવ્યું નહિ સ્વયંજ્ઞાની, મને હો વીરનું શરણું.

જણાવી માતૃભક્તિ બહુ, અરે ! જનની ઉદરમાંહી;
પ્રતિજ્ઞા પ્રેમ જાળવવા મને હો વીરનું, શરણું.

અરે, ઓ ! જયેષ્ઠબંધુની, ખરી દાક્ષિણ્યતા રાખી;
ગુણો ગણુતા લહું નહી પાર, મને હો વીરનું શરણું.

યશોદા સાથ પરણીને, રહ્યો નિર્લેપ અંતરથી;
થશે કયારે દશા એવી, મને હો વીરનું શરણું.

જગત ઉદ્ધાર કરવાને, યતિનો ધર્મ લીધો તેં;
સાચા ઊપસર્ગ સમભાવે, મને હો વીરનું શરણું.

અલૌકિક ધ્યાન તેં કીધું, ગયા દોષો થયા નિરમલ;
થયો સર્વજ્ઞ ઉપકારી મને હો વીરનું શરણું.

ઘણુા ઉપદેશ દીધા તેં, ચતુર્વિધ સંઘને સ્થાપ્યો;
તેને મેં ઓળખી લીધો મને હો વીરનું શરણું.

અનંતાનંદ લીધો તેં જીવન તારૂં વિચારૂં હું;
"બુદ્ધયબ્ધિ" બાળ તારો, શરણુ તારૂં-શરણુ તારૂં.

—આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરે છદ્મસ્થપણામાં સાડા બાર વર્ષ કરેલી ઉગ્ર તપશ્ચર્યા

| તપ | માસ | દિવસ |
|---|---|---|
| એક છ માસી | ૬ | ૦ |
| એક છ માસમાં પાંચ દિન ઓછા | ૫ | ૨૫ |
| નવ ચઉમાસી | ૩૬ | ૦ |
| બે ત્રણ માસી | ૬ | ૦ |
| બે અઢી માસી | ૫ | ૦ |
| છ બે માસી | ૧૨ | ૦ |
| બે દોઢ માસી | ૩ | ૦ |
| બાર માસખમણ | ૧૨ | ૦ |
| બોંતેર પાસખમણ (પંદર ઉપવાસ) | ૩૬ | ૦ |
| એક ભદ્ર, મહાભદ્ર ને સર્વતોભદ્ર પ્રતિમા એક સાથે કરી તેના દિવસ ૨-૪-૧૦ | ૦ | ૧૬ |
| બાર અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) | ૧ | ૬ |
| ૨૨૯ છઠ્ઠ (બે ઉપવાસ ૪૫૮ દિવસ) | ૧૫ | ૮ |
| એક દિક્ષાના દિવસનો ઉપવાસ | ૦ | ૧ |
| | ૧૩૮ | ૨૬ |
| પારણાના ૩૪૯ દિવસ | ૧૧ | ૧૯ |
| | ૧૪૯ | ૪૫ |

(કુલ માસ ૧૫૦ાા=બાર વર્ષ ને ૬ાા માસ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પળનો પણ પ્રમાદ ન કરીશ

—કુમારપાળ દેસાઈ

અશોક વૃક્ષ નીચે બેઠેલા ભગવાને પોતાના સમર્થ શિષ્ય જ્ઞાની ગૌતમને ઉદ્દેશીને દ્રુમપત્રી અધ્યયની વ્યાખ્યા કરી.

એ વખતે ધર્મસભા જિજ્ઞાસુઓથી ભરપૂર હતી.

ભગવાન બોલ્યા :

"ગૌતમ! જ્ઞાની થઈને પણ ગફલતમાં ન રહેશો. જીવનમાં એક પળ માટે પણ પ્રમાદ ન કરશો. એક વિપળ કે પળની ભૂલ તમારી વરસોની સાધનાને ધૂળમાં મેળવી દેશે. જીવનમાં વરસોની કિંમત નથી. પળ કે વિપળમાં વ્યક્તિ બને છે, કે બગડે છે! માટે જ્ઞાની થઈને ઘડી એક માટે પણ ગાફેલ ન થશો.

"હે ગૌતમ! જીવન કમળપત્ર પર પડેલા જલબિંદુ જેવું છે. શરદ ઋતુનું સોહામણું પ્રભાત છે. આકાશમાંથી તુષાર બિંદુઓની વર્ષા કાસારના કમળપત્રો પર થાય છે. આહ, થોડી વારમાં સૂર્યોદય થાય છે, ને તુષારનું એક એક બિંદુ નવલખા મોતી જેવું ઝગમગી ઊઠે છે! કેવી શોભા! કેવો ઠાઠ! કેવો જીવનાનંદ : પણ હવાની એક લહરી આવે છે. કમળપત્ર હાલી ઊઠે છે, ને મોતી જેવું ચળકતું જળનું બિંદુ અદૃશ્ય થાય છે. હે ગૌતમ! મનુષ્ય જીવન પણ આ ઝાકળના જેવું છે. પળમાં શોભી ઊઠે પળમાં વિલીન થાય છે. માટે એક પળ પણ ગાફેલ ન રહેજો!"

"હે ગૌતમ! જીવન વટવૃક્ષ જેવું જાણજો. લીલાં ને પીળાં પાન ડાળ પર બેઠા છે. વાયુની પ્રત્યેક લહરીએ પીળા પાનને ખરી પડવાની શંકા છે. પડવાની આશંકામાં એ થર થર ધ્રૂજે છે. લીલાં પાન પીળા પાનની કરુણ દશા જોઈને હસે છે; કહે છે, 'રે! કેવું તમારું પીળું દુર્ભાગ્ય ને કેવું અમારું લીલું સૌભાગ્ય!'

"હવાનો એક જબરો વંટોળ ધસી આવે છે. પીળું પાન ડાળ પરથી ખરી પડે છે. લીલું પાન હવા હીંચકે ચઢી થનગની ઊઠે છે! પીળું પાન નીચે પડતાં કહે છે; આજ અમારી છે, કાલ તમારી છે. વ્યર્થ ફૂલાશો નહિ! અહીં તો ઘડીમાં બને છે. ને ઘડીમાં બગડે છે!"

ને એક દહાડો કિલ્લોલ કરતું લીલું પાન પીળું પડવા લાગ્યું. અકારણ ઉદાસીનતા એને ઘેરી વળી! આ શું? આનંદના દિવસ આટલા ટૂંકા? શોકના દિવસ આટલા નજીક? એને પેલા પાનના શબ્દો યાદ આવે છે. 'આજ અમારી છે. કાલ તમારી છે! એમ, હે ગૌતમ! યુવાની દીવાની છે. એ દીવાનાપણામાં એક પળ પણ ગાફેલ ન રહેશો.'

"હે ગૌતમ! માનવજીવન રાંકના સ્વપ્નની જેમ મહામોંઘુ છે. આજ મળ્યું એ સાચું, કાલે મળવું ન મળવું, રહેવું ન રહેવું એની મોટી શંકા છે. એક રાંક નગરના દ્વાર દ્વાર પર ફર્યો. બધેથી કૂતરાની જેમ હડધૂત થયો. એક ઠેકાણે કોઈ રેઢિયાળ દાસીએ વાસણમાંથી કાઢીને ફેંકી દીધેલાં ઉખરડા ખાવા મળ્યા. ખૂબ ભાવથી એણે ખાધા. પેટ ભરીને પાણી પીધું. પછી એક ઝાડની શીતળ છાયામાં જઈને એ બેઠો. એની આંખ મળી ગઈ. એને સ્વપ્ન લાધ્યું કે ગામનો રાજા એકાએક મરી ગયો, ને હાથણીએ એના પર કળશ ઢોળ્યો. લોકોએ એને રાજા બનાવ્યો. એ ભૂખડી બારસને જમવા માટે બત્રીસાં પકવાન પિરસ્યાં. છત્રીસાં શાક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂક્યાં. રાણીઓ પંખા ઢોળતી બેઠી. નૃત્યાંગનાઓ નૃત્ય કરવા લાગી. એવામાં સમાચાર આવ્યા કે પરદેશી રાજા લાવલશ્કર સાથે ચઢી આવ્યો છે! રાંકના મોં માંથી બીકની ચીસ નીકળી ગઈ, ને આંખ ઊઘડી ગઇ! જોયું તો નથી નાટારંભ, નથી પંખો ઝુલાવતી રાણીઓ! નથી બત્રીસાં પકવાન! અરે, મારે એ સ્વપ્ન જોઇએ.

રાંકે એ સ્વપ્ન માટે ફરી આંખ મીંચી, પણ એ સ્વપ્ન એને ન આવ્યું તે ન આવ્યું. એમ આ મનુષ્ય જીવન રાંકના સ્વપ્ન જેવું છે. એ ગયુ તો ગયું. માટે એક પળ માટે પણ ગાફેલ ન રહો!"

"હે ગૌતમ! નરજન્મ તું કેટલી મહેનતે પામ્યો તે જાણે છે? આ માનવજીવન પ્રાપ્ત કરતાં પહેલાં તું પથ્થર, પહાડ, માટી, કાંકરા ને શેવાળનું જીવન જીવ્યો. લોકોએ તને પગે કચર્યો, અગ્નિમાં શેક્યો, પાણીમાં ગુંદ્યો, વાઘ–વરૂ તારી બખોલમાં વસ્યાં, ચોરડાકુ તારો આશ્રય પામ્યાં. તેં સહુનું સારૂં કર્યું. ને તારું સારું લવલેશ ન થયું. અસંખ્ય કાળ આ એક ઇન્દ્રિયવાળા દેહમાં તું ગોંધાઇ રહ્યો પણ તને મનુષ્યભવ ન મળ્યો, તો તેનું સાર્થક કરવા ઘડી એક ગાફેલ ન રહીશ"

"હે ગૌતમ! શું કહાણી કહું પેલા માત્ર સ્પર્શશક્તિવાળા જીવની! મહામહેનતે એ સ્પર્શ અને જીવ એમ બે ઇન્દ્રિયવાળો જીવ થયો. પાણીમાં એ જીવ પોરો થયો. પેટમાં કૃમિરૂપે જન્મ્યો! પાણીમાં જળોરૂપે જીવ્યો. ને કોટાનકોટિ વર્ષ ચાલ્યાં ગયાં! માનવદેહ દુર્લભ થયો."

"હે ગૌતમ! એ જીવને બે ઇંદ્રિયમાંથી ત્રણ ઇન્દ્રિય ચામડી, જીભ ને નાક મળ્યુ. એ અનેકપગો કાનખજૂરો થયો. ખાટલાનો માંકડ થયો. માથાની જૂ થઇ. રસ્તા પર કીડી થઈ. વનમાં ધિમેલ થયો. ધાન્યની જીવાત અને અન્નમાં વાંતરી થઇને જન્મ્યો તોય એને માનવ દેહ દેખવા વારો ન આવ્યો"

"હે ગૌતમ! ત્રણ ઇન્દ્રિયવાળાને આંખ મળી. દુનિયાને એ દેખતો થયો, પણ અવતાર તો ભૂંડો વીંછીનો, મચ્છરનો, તીડનો ને બગાઈનો મળ્યો. જીવતર મોતથી વધુ સારું ન થયું!"

"હે ગૌતમ! એમાંથી જીવ પશુ થયો. એને પાંચ ઇન્દ્રિયો મળી. પણ પશુનું તો કાંઈ જીવન છે! પોપટ પાંજરે પૂરાયો, હરણનું સ્વાદિષ્ટ ભોજન થયું, બળદ પોતામાંથી બાતલ થઇને જીવ્યો. ખાવા મળ્યું ન મળ્યું, પરાયો બનીને, ઓશિયાળા બનીને જીવતર કાઢ્યુ!"

'હે ગૌતમ! આમ ભયંકર રણમાંથી તું જીવનના બાગ સમો મનુષ્યદેહ પામ્યો. પણ મનુષ્ય થઇને તું ખાવા–પીવા ને મોજશોખ પાછળ ઘેલો રહ્યો. પેલા ઘેટાની વાત જાણે છે ને! એક જણાએ ઘરમાં ઘેટો પાળ્યો હતો. એને બધાં ખૂબ લાડ લડાવતાં. ગળામાં ટોકરી બાંધી નચાવતા. ચોળા, જવ અને મીઠો મીઠો ભાજીપાલો ખવરાવતા. ઘેટો ખાઇ પી હૃષ્ટ–પુષ્ટ થઈ મોજ અનુભવતો બહાર બાંધેલા અર્ધ ભૂખ્યા, દૂબળા ઘોડાની મશ્કરી કરતો. કહેતો કે જીવનની મોજ તમે ભૂખડી બારસો શું સમજો? ઘોડો પણ ઘેટાનું સુખ જોઈ અડધો અડધો થઇ જતો! ત્યાં એક દહાડો ઘરમાં અતિથિ આવ્યા. ઘરધણીએ ઘેટાને પકડ્યો કાપ્યો ને તેનું માંસ રાંધી મહેમાનને તુષ્ટ કર્યા! એમ હે ગૌતમ! જીવ મનુષ્યદેહમાં આવ્યો એટલે ખાવામાં, પીવામાં, મોજમાં ગાફેલ બનીને પડ્યો રહે છે. ને આખરે ઘેટાના મોતની જેમ મૃત્યુના હલકારાને જોઇ રડવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગે છે. માટે જીવન જાણવા માટે છે એમ સમજી, એક ઘડી માટે પણ ગાફેલ ન રહીશ.

"હે ગૌતમ! મનુષ્યભવ તો મળ્યો પણ કથોડો મળ્યો તો વળી ભારે દુઃખ! સારો દેશ, સારો પ્રાંત, સારી ભૂમિ, સારાં માણસો એમાં જન્મવું એ પણ સદ્ભાગ્ય છે. માટે આ મેળવવા ક્ષણ માટે પણ ગાફેલ ન રહેજો! નહિ તો કોડી સારું હજાર રૂપિયા ખોનાર મૂર્ખના જેવું થશે. એક વેપારી હજાર રૂપિયા કમાઇ પાછો વળ્યો. એણે નક્કી કર્યું કે ૯૯૯ રૂપિયા વાંસળીમાં બાંધી કેડે રાખવા. એક રૂપિયો વટાવી, એમાંથી વાટખર્ચ કાઢવું! એણે રૂપિયાની કોડીઓ લીધી. ને એમાંથી વાટખરચી કાઢવા લાગ્યો ધીરે ધીરે ઘર આવી પહોંચ્યું. એક પડાવ બાકી રહ્યો, ત્યાં પેલી કોડીઓ ખૂટી ગઇ. વેપારીને યાદ આવ્યું કે છેલ્લા પડાવ આગળ એક કોડી રહી ગઇ છે. એ લઈ આવું તો ખરચી પૂરી થાય, ને નવો રૂપિયો વટાવવો ન પડે. પણ પોતાના સાથીદારોથી એકલા પાછા ફરતાં એને ડર લાગ્યો. આખરે એણે ૯૯૯ રૂ.ની વાંસળી ત્યાં જમીનમાં દાટી દીધી ને કોડી લેવા ચાલ્યો. કોડી લઇને પાછો આવ્યો ત્યારે ખબર પડી કે વાંસળી કોઇ ચોરી ગયું છે. માટે કોડી સાટુ હજાર ગુમાવવાની ગફલત ન કરશો.

"હે ગૌતમ! મનુષ્યનો દેહ મળ્યો, સારો દેશ મળ્યો, પણ સારૂં કુળ ન મળ્યું : તોય નિરર્થક છે. કુળને અને કર્મને ઘણું લાગે–વળગે છે. કુળવાન ઉદ્ધત હોતો નથી, ચાંપલો બનતો નથી, કપટ કરતો નથી; મિત્રોનો દ્રોહ કરતો નથી; તે ધન પામી અહંકારી થતો નથી, ધર્મ પામી અભિમાન કરતો નથી, કોઇના દોષ જોતો નથી; પોતાના દોષોને જણાવતો ફરે છે! માટે ગૌતમ, મનુષ્યદેહ પામીને પણ ગાફેલ ન રહેશો.

"હે ગૌતમ! મનુષ્યદેહ મળ્યો, સારો દેશ મળ્યો, સારું કુળ મળ્યું, પણ સારું શરીર ન મળ્યું તો? પાંચમાંથી એકાદ–બે ઇન્દ્રિય ઓછી મળી તો? આંખે અંધ થયા તો? કાને બહેરા થયા તો? પગે લંગડા થયા તો? પુરુષ થઇને પુરુષત્વહીન જન્મ્યા તો? તો દળી દળીને ઢાંકણીમાં ઉઘરાવ્યા બરાબર છે. માટે સુકર્મમાં જરા પણ ગાફેલ ન રહો!

"હે ગૌતમ! આ બધું ય મળ્યું, પણ એક ધર્મ ન મળ્યો તો મળીમળીને બધું ન મળ્યા બરાબર છે! પેલાં ત્રણ વાણિયાની વાત છે ને! એક સરખી મૂડી લઇને ત્રણે વેપાર કરવા નીકળ્યા. એમાં એકે ખૂબ લાભ મેળવ્યો. મૂડી બમણી કરીને આવ્યો બીજાએ ન વેપાર કર્યો, ન લાભ મેળવ્યો. મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. પણ ત્રીજાએ તો ખોટનો જ વેપાર કર્યો, ને મૂળ મૂડી ખોઇ માથે દેવુ લાદી પાછો ફર્યો!

એમ સંસારમાં આ ત્રણ પ્રકારના માણસો હોય છે. સદાચારી, શીલને પુરુષાર્થવાળા, આ ભવ સુધારે છે, પરભવને પણ સુધારે છે. એ પ્રથમ પ્રકારના વેપારી જેવા છે. કેટલાક સદાચારીને સુવ્રતી હોય છે. એ પુણ્ય કરતા નથી, તો પાપ પણ કરતા નથી. એ મૂળ મૂડી સાચવનાર વેપારી જેવા છે. માનવતાને નભાવી આ ભવને સુધારે છે. ને ત્રીજો તો દેવાળિયાની જેમ આ ભવ ને પરભવ બગાડે છે. માટે હે ગૌતમ! મહામહેનતે પ્રાપ્ત કરેલા મનુષ્યજીવનને ધર્મથી શોભાવ.


ઊંઘ, આરામ, ને ભોજન તો પશુ પણ ભોગવે છે; પશુ અને માનવનો ભેદ ધર્મથી થાય છે; માટે હે ગૌતમ! ધર્મ આચરવામાં ઘડીની પણ ગફલત ન કરશો."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચમા ચક્રવર્તી શાંતિનાથ ભગવાન



લે. માણેકલાલ મ. દોશી

પૂર્વે મહાવિદેહ ક્ષેત્રમાં સલીલાવતી વિજયમાં પુંડરગિરિ નામની નગરી હતી. ત્યાં મેઘરથ નામે રાજા રાજ્ય કરતો હતો.

એકવાર ઇંદ્રે મેઘરથ રાજા પૌષધશાળામાં ધર્મચિંતન કરતા હતા ત્યારે તેમની પ્રશંસા કરતાં કહ્યું કે મેઘરથ રાજા જેવો દયાળુ માનવી જગતમાં નથી.

એક મિથ્યાત્વી દેવે રાજાની પરીક્ષા કરવા નિર્ણય કર્યો. દેવે એક બાજ અને એક કબુતર એમ બે રૂપ લીધાં. પછી કબુતર રાજાના ખોળામાં બેસી ગયું.

મનુષ્યની ભાષામાં કબુતર બોલ્યું, 'હે રાજા! હું તારે શરણે છું.'

કબુતરની પાછળ બાજ પક્ષી આવ્યું. બાજ પક્ષી મનુષ્યની ભાષામાં બોલ્યું : 'હે રાજા! ઘણી મહેનતે આ કબુતરને હું શોધી શક્યો છું. ખૂબ જ ભૂખ લાગી છે. મને પણ તારૂં જ શરણ છે, મને શા માટે ભૂખે મારે છે?'

રાજા બોલ્યો : 'હે બાજ! તને જેમ તારો જીવ વહાલો છે તેમ કબુતરને તેનો જીવ વહાલો છે. મારે શરણે કબુતર છે, તેને હું કોઈ કાળે મરવા નહિ દઉં. સાચે જ તું ભૂખ્યો હો તો કબુતરના વજન જેટલું માંસ મારા શરીરમાંથી કાઢી તું તારી ક્ષુધા શમાવ.'

બાજે આ વાત કબુલ કરી. રાજાએ ત્રાજવા મંગાવ્યાં. એક પલ્લામાં કબુતરને મૂકવામાં આવ્યું અને બીજા પલ્લામાં રાજાએ છરીવડે પોતાના શરીરમાંથી માંસ કાપી મૂકવા માંડયું. પરંતુ રાજાએ પાંચ શેર જેટલું માંસ મૂક્યું છતાં કબુતરનું વજન એથી વિશેષ જણાયું, રાજાએ ૧૦ શેર માંસ મૂકયું તો પણ કબુતરનું વજન ૧૦ શેરથી પણ વધુ જણાયું.

પ્રજાજનોએ આમ ન કરવા એટલે કે બીજા પલ્લામાં ન બેસવા કહ્યું હતું પણ રાજા ખરેખર કબુતર માટે મરવા તૈયાર થયો—બીજા પલ્લામાં બેસવા તૈયાર થયો, રાજા બીજા પલ્લામાં બેસી ગયો.

બાજ ખુશ થયો. દેવે અવધિજ્ઞાનથી જોયું તો રાજાનાં પરિણામ ચઢિયાતાં દીઠાં. દેવકૃત સર્વ માયા દેવે સંકેલી લીધી. રાજા આગળ દેવ હાજર થયો. દેવે રાજાની ક્ષમા માગી પછી રાજાને નમન કરી દેવ જતો રહ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવે રાજાનું શરીર બાજ અને કબુતરના આવતા પહેલાં જેવું હતું તેવું જ જખમ વગરનું બનાવી દીધું.

કેટલાક સમયબાદ રાજાએ પોતાનું રાજ્ય પુત્રને સોંપી દિક્ષા લીધી. ૧૧ અંગોનો અભ્યાસ કરી ૨૦ સ્થાનકનું પૂજન કરી તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. મૃત્યુ બાદ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા.

ત્યાંથી ચ્યવીને હસ્તિનાપુર નગરમાં અશ્વસેન રાજાની રાણી અચિરાની કુક્ષિમાં પુત્રપણે અવતર્યા. તેમના જન્મબાદ નગરમાંથી મરકીનો રોગ જતો રહ્યો તેથી નગરમાં શાંતિ થવાથી તેમનું નામ શાંતિનાથ રાખ્યું.

યુવાન વયે તેમને તેમના પિતાનું રાજ્ય મળ્યું. પછી શાંતિનાથ રાજાએ ૬ ખંડનું રાજ્ય જીત્યું અને તેઓ ચક્રવર્તિ રાજા બન્યા.

કેટલોય સમય સુધી ચક્રવર્તિનાં સુખો ભોગવ્યા બાદ શાંતિનાથ ચક્રવર્તિએ વૈરાગ્ય થવાથી વાર્ષિક દાન દીધા બાદ દિક્ષા લીધી.

શાંતિનાથ પ્રભુએ કેવળજ્ઞાન પામી તીર્થ પ્રવર્તાવ્યું. અંતે તેઓ સિદ્ધ બન્યા.

આ ચોવીસીમાં ૧૬મા પ્રભુ શાંતિનાથ થયા.

## જવાબદારીનું ભાન....!!!

સવારે શ્રીમન્ત પિતાએ આળસુ પુત્રને બોલાવી કહ્યું, "બેટા, જા અને કંઈક કમાઈ લાવ, નહિ તો તને ભોજન નહિ મળે."

પુત્ર બેપરવા અને નિર્લજ્જ હતો. કદિ શ્રમ કરેલ નહિ તેથી પોતાની મા પાસે જઈ રડવા લાગ્યો.

માતાએ પુત્રની આંખમાં આંસુ જોઈ, પોતાની પેટી ખોલીને તેમાંથી એક રૂપીયો કાઢી પુત્રને આપ્યો

રાત્રે પિતાએ પુત્રને પૂછ્યું, "આજ તું શું કમાયો ?" પુત્રે ખિસ્સામાંથી રૂપિયો કાઢી પિતાની સામે ધરી દીધો.

પિતાએ કહ્યું, "જા, તે રૂપિયો કૂવામાં ફેંકી દે."

પુત્રે તુરત જ પિતાની આજ્ઞાનું પાલન કર્યું. પિતા બધું સમજી ગયા. તેણે પોતાની પત્નીને હકીકત સમજાવી પુત્રને કશું ન આપવા સૂચના આપી દીધી.

બીજે દિવસે સવારે પિતાએ પુત્રને બોલાવી કહ્યું, "પૈસા કમાઇ લાવ નહિ તો ભોજન નહિ મળે."

આજે તેની માએ પુત્રની વાત પર ધ્યાન ન આપ્યું તેથી પુત્ર બજારમાં મજુરીની શોધમાં નીકળ્યો. એક શેઠ મળી ગયો. તેની પેટી ઊંચકી તેના ઘેર પહોંચાડી આવ્યો, પણ શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. શેઠે તેને મજુરીનો અર્ધો રૂપિયો આપ્યો.

રાત્રે શેઠે પૂછ્યું, "તું શું કમાયો ?"

પુત્રે અર્ધો રૂપિયો પિતાને બતાવ્યો. પિતાએ કહ્યું, "જા, તેને કૂવામાં ફેંકી દે."

પુત્રની આંખમાંથી ક્રોધની જ્વાળા નીકળી, બોલ્યો, "હું પરસેવે રેબઝેબ થઇ ગયો ત્યારે અર્ધો રૂપિયો મળ્યો છે ને તમે કહો છો કૂવામાં ફેંકી દે!"

પિતા બધું સમજી ગયા. હવે પેઢીનો કારભાર અને ચાવી તેને સોંપી.

હિન્દી ઉપરથી 'રક્તતેજ' ૨૬-૩-૭૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભૂલતા શીખો

લે૰ કરસન પટેલ

વીતી ગયેલા કડવા, દુઃખપ્રદ અને અપ્રિય અનુભવોને ભૂલીને, ઉજ્જવળ, પ્રકાશપૂર્ણ ભવિષ્ય પર બધી જ વૃત્તિઓ કેન્દ્રિત કરીને દિવસની શરૂઆત કરવી એ શાંત અને સુખી રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે. જીવનની કડવાશ દૂર કરવા માટે અનિષ્ટ કલ્પનાઓ, દુષ્ટ વાસનાઓ, પ્રતિકૂળતાઓ, દુશ્ચિન્તાઓ, વિષમ પરિસ્થિતિઓ તથા અભદ્ર પ્રસંગોને ભૂલતા શીખો. જો પોતાના શરીરનું સ્વાસ્થ્ય, માનસિક શાંતિ અને જીવનની મધુરતા ઇચ્છો તો વિસ્મૃતિનો મહામંત્ર સિદ્ધ કરો.

જે વ્યક્તિ હર પળે વીતી ગયેલાં દુઃખ, કલેશ, વિપત્તિ અને અડચણોના વિચારોનો શિકાર બને છે, પોતાના જીવનના અંધકારમય અંશ પર ચિત્તને કેન્દ્રિત કરે છે, હંમેશાં બૂરાઈ અને નિષ્ફળતાના ઉદ્ગારો કાઢે છે, જીવનના અપ્રિય ભાગને જ જૂએ છે; રોજ રોજ પોતાના જીવનની નાની મોટી ભૂલોને જોઈને દુઃખી થાય છે, સતત પશ્ચાત્તાપ, વેર અને વિરોધની જ્વાળામાં બળ્યા કરે છે અથવા ક્ષુદ્ર ચિંતાઓમાં આત્મગ્લાનિનો અનુભવ કરીને પોતાના મનમાં ચારિત્ર્યની કમજોરીઓને પોષતો રહે છે એનું હૃદય હંમેશાં ક્ષુબ્ધ રહે છે અને અંતઃકરણમાં એક ભયાનક તોફાન મચી રહે છે. તે અધ્યાત્મના ઊંચા શિખરે આરૂઢ થઈ શકતો નથી.

જે પહેલાં ભૂલ કરીને પછી ચેતી જાય છે અને ફરી ભૂલ નથી કરતો તે વાદળથી મુક્ત એવા શ્વેત ચંદ્રમાની જેમ આ વિશ્વને પ્રકાશિત કરે છે. આવો પુરૂષ પોતાના ભૂતકાળના પરિતાપમય અનુભવોને ભૂલી જવા માટે હંમેશાં સતર્ક રહે છે. કેમ કે તે જાણે છે કે એ જ અંતઃકરણમાં સત્ય જ્ઞાનને પ્રકાશિત થતું અટકાવે છે; અને વિકાસના માર્ગે અગ્રેસર થવા નથી દેતા. તે નિશ્ચયપૂર્વક ત્યાંથી ચિત્ત હટાવી લે છે અને ભવિષ્યની આશાઓ પર સ્થિર કરે છે. એ જ કારણે એનું પ્રત્યેક કાર્ય એક અભિનવ જ્યોતિથી પ્રકાશિત રહે છે.

"જે થયું તે થયું, પણ ભવિષ્યમાં આવું કદાપિ નહીં થાય, હું પ્રલોભનોનો શિકાર ફરી વાર નહીં બનું, હું દુષ્ટ મનોવિકારોથી મનને વિક્ષિપ્ત થવા નહીં દઉં, જન્મજન્માંતરના કુસંસ્કારોને મારા ચિત્તમાંથી બહાર કાઢીશ અને જીવનની અભદ્ર અને દુઃખમય ક્ષણોની પીડાથી કાતર થવાને બદલે મનને પૂર્ણ નિર્મળ રાખીશ. તેમાં પરમ પાવિત્ર્યનો સંચાર કરીશ, બધી જ કુત્સિત, વિષમય દુશ્ચિંતાઓને અંતઃકરણમાંથી દેશનિકાલ કરીશ" આવી શુદ્ધ અને દઢ ભાવનાવાળી વ્યક્તિ માટે દુઃખનો ભાર ઉતારી નાખવો એ સામાન્ય બાબત છે.

તમે તમારું કાર્ય યોગ્ય રીતે તો જ પૂર્ણ કરી શકશો જ્યારે પોતાની પાછલી ભૂલો, ખામીઓ, ન્યૂનતાઓ, ગફલતો, અસાવધાની અને કમજોરીઓને મનમાંથી હંમેશ માટે બહાર કાઢીને, પૂર્ણ વિશ્વાસથી આગળ વધશો જો તમારી અંદર પોતાની નબળાઈઓના વિચાર વહેતા રહેશે તો તેઓ આત્મવિશ્વાસને ક્યારે પણ દઢ થવા નહીં દે. તમારા સંકલ્પો હંમેશાં ઢીલાપોચા જ રહેશે. તમે ઇચ્છાશક્તિની અભિવૃદ્ધિ નહીં કરી શકો. તમે અયોગ્યતાની નિકૃષ્ટ ભાવનામાં રમમાણ રહેશો તો સતત અયોગ્ય જ બનતા જશો. જો તમારામાં આ ભાવ ઘર કરી ગયો કે "મારાથી તો ભૂલો જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયા કરે છે” તો પૂર્ણ સાવધાની રાખવા છતાં પણ તમે કંઇ ને કંઈ ભૂલ કર્યા જ કરવાના. શંકાશીલ માનસિક સ્થિતિમાં રહેવાથી આપણે વાતવાતમાં ભૂલ કરી બેસતા હોઈએ છીએ. માનસિક પૃષ્ઠભૂમિમાંથી આવી ભ્રમાત્મક કલ્પનાઓ, અસત્‌ ચિંતન નષ્ટ કરી દેવામાં આવે તો મનુષ્ય શ્રેષ્ઠ કાર્યોના સંપાદન માટે ખૂબ શક્તિ મેળવે છે અને એનું જીવન અખંડ ઉન્નતિ પ્રતિ દોરી જતી એક કેડી બની જાય છે.

આ વિકારસ્વરૂપ પ્રકૃતિમાં બધા જીવો ખામીઓથી ભરેલા છે. કોઇમાં થોડા તો કોઇમાં અધિક, દોષો તો બધામાં છે જ. તમારાથી જો કોઈ અણગમતી બાબત થઈ જાય અને તમને એના કારણે હાર્દિક પશ્ચાત્તાપ થાય તો ઠીક છે. એ જ ઇષ્ટ છે, પરંતુ એ પશ્ચાત્તાપમાં પછડાઈ પછડાઇને પોતાના જીવનને ક્લેશયુક્ત અને ભારરૂપ ન બનાવો. એ જ વિચારો લઇને રોતા ન બેસો. વારંવાર એના પર જ વિચાર કરીને, તલનું તાડ બનાવીને પશ્ચાત્તાપની જ્વાળામાં બળ્યા ન કરો. આમ કરતાં તમે તમારા સોનેરી ભવિષ્યને પણ શૂળોથી ભરી દેશો. આ પરિવર્તનશીલ જગતમાં અપ્રિય પ્રસંગોને ભૂલી જવાથી જ આપણે આધ્યાત્મિક વિકાસ કરી શકીએ છીએ. જે વ્યક્તિ એ જ ચિંતન કર્યા કરે છે કે “હું મૂર્ખ છું, મૂઢ અને મંદમતિ છું, અધમ અને પાપી છું, નિકૃષ્ટ અને કુટિલ છું, મારાથી કશું જ થવાનું નથી” તે વ્યક્તિ તે ગુણોમાં તદ્રૂપ થતી જાય છે. જીવનની સફળતા ભાવનાઓ પર આધારિત છે. તમે જેટલો પોતાની યોગ્યતા પર અવિશ્વાસ કરશો, ભય અને શંકાને હૃદયમાં જેટલું સ્થાન આપશો તેટલા તમે ઉન્નતિથી દૂર ફેંકાઈ જશો. તમારી શંકાઓ અને ભય જ તમારા જીવનને નષ્ટ કરે છે. અનેક વ્યક્તિઓની નિષ્ફળતાનું કારણ માત્ર એ જ છે કે તેઓ નિરાશાજનિત ભાવોને જ ઘોળ્યા કરે છે, ઘૂંટ્યા કરે છે. પોતાની આ કુત્સિત કલ્પનાઓ અને અનિષ્ટ ચિંતન દ્વારા તેઓ નિષ્ફળતા, અકલ્યાણ, પતન અને નિરાશાપૂર્ણ વાતાવરણની સૃષ્ટિ પોતાની આસપાસ રચે છે. તેઓ બિચારા જાણતા નથી કે એ બધું ભૂલી જવામાં જ કલ્યાણ છે. કારણ કે તેઓ જ આપણી આત્મશ્રદ્ધામાં બાધક થાય છે.

“જગતે મારાં અરમાન કચડી નાખ્યાં છે, નિકટના સંબંધીઓ સુદ્ધાંએ મારા હૃદયના ટુકડે-ટુકડા કર્યા છે, લોકોએ જાણી જોઇને મારૂં અપમાન કર્યું છે, મારા દુશ્મનો વેર લેવા તત્પર છે.” આ વિચારોથી દિલમાં દર્દ થાય છે, વારે વારે જાન પર ક્રોધ આવે છે મનમાં ખિન્નતા છવાયેલી છે. પરંતુ શું આપણે હંમેશાં આવા નિકૃષ્ટ, વિનાશકારી, આત્માને પાંગળો કરનારા વિચારોમાં ફસાયેલા રહીશું? શું આપણું અમૂલ્ય માનવજીવન આવી અકલ્યાણકારી વાતોમાં જ ઊકળતાં ઊકળતાં, પછડાતાં પછડાતાં પૂરું થઇ જશે? આપણે એ બધું હૃદયમાંથી બહાર ફેંકી દેવું જોઇએ, ભૂલી જવું જોઇએ.

જો આપણા વિચારો કલ્યાણકારી મહાનુભાવોના ચારિત્ર્ય પર કેન્દ્રિત રહેશે, જો આપણે એ ચારિત્ર્યના ઉત્તમ અંશો, સદ્‌ગુણો અને શુદ્ધ તત્ત્વો પર વિચાર કર્યા કરીશું તો આપણું પણ કલ્યાણ થતું જશે, આપણે ઊંચે ચડતા જઇશું, સતત આગળ વધતા રહીશું; એથી ઊલટું, જો આપણે આપણા વિરોધીઓ, વેરીઓ અને કુપ્રવૃત્તિવાળા દુર્જનો વિશે વિચાર્યા કરીશું તો ચોક્કસ જ પતનની ખીણમાં ગબડતા જઇશું. સર્વોત્તમ તો એ જ છે કે આપણે આપણા શત્રુ વિશેના વિચાર માનસપટ પર લાવીને મનને કલુષિત ન થવા દઇએ, એમને ભૂલી જઇએ અને એ વિષયને ક્યારેય વિચારીએ નહીં. દુઃખ, ક્લેશ, તિરસ્કાર, નિંદાથી મુક્ત થવા માટે વિસ્મૃતિ અમોઘ ઔષધિ છે. તેથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીડા, અધમતા, દુષ્ટતાને ભૂલી જઈએ, હંમેશને માટે એના તરફ આંખો મીંચી દઈએ, મન ખસેડી લઈએ, મનને વાળીને ઉત્તમ અભિલાષાઓ પર કેન્દ્રિત કરી દઈએ. જે વિચારોથી આપણું જીવન સુખમય બને છે તે વિચારોને જ હૃદયમાં પ્રવેશવા દઈએ, એમનું જ દૃઢ ચિંતન કરીએ, એમના પર જ ચિત્ત એકાગ્ર કરીએ.

બાહ્ય જગતમાં હંમેશાં સંઘર્ષ ચાલ્યા કરે છે, પરંતુ દરેક વસ્તુના અંતરિક્ષમાં અક્ષય શાંતિ વસે છે. જે વ્યક્તિઓને તમે ખરાબ કહો છો, સંભવ છે કે એમનું હૃદય પરમ પવિત્ર હોય. તમારી ધારણા જ ખોટી હોય. આથી તમે બીજાના દોષો ભૂલતાં શીખો. એમના ચારિત્ર્યના એ જ ગુણોનું સ્મરણ કરો કે જે સુંદર અને કલ્યાણકારી હોય. પરછિદ્રાન્વેષણના સઘળા વિચારો ભૂલીને ચિત્તને ઉત્તમ તત્ત્વો પર દૃઢ કરો. વિષયોથી, ઇન્દ્રિયોના ભોગોથી, બુદ્ધિના ઊહાપોહથી સાંસારિક ખેંચતાણથી મુક્ત થઈ, હૃદયનાં અંતરાલમાં પ્રવેશ કરો. ત્યાં સ્વાર્થથી મુક્ત એવાં બધા જ દૂષિત વાતાવરણથી મુક્ત રહી શકશો. આ આનંદધામમાં તમારા અપ્રિય પ્રસંગના કડવા અનુભવો પ્રતિકૂળતાની ભાવનાઓ, નિરર્થક ક્ષોભ અને હૈયાવરાળ નષ્ટ થઈ જશે.

જે વ્યક્તિએ વિસ્મૃતિના માહાત્મ્યને આત્મસાત્ કરી દીધું છે તે જ સુખી છે. એને માટે દુઃખોનો ભાર ઉતારી નાખવો એ આસાન વાત છે. કેટલાક દિવસો પહેલાં જ આ તત્ત્વને સ્પષ્ટ કરતાં એક મહોદયે 'યુનિટી' (Unity) નામના માસિકમાં લખ્યું હતું :

"હું મારા અનુભવે કહી રહ્યો છું–સાચું માનો આ વિસ્મૃતિરૂપી દવા દ્વારા દુઃખોનો ભાર ઉતારી નાખવો અત્યંત સરળ છે. તમે પ્રારંભિક અભ્યાસ બાદ મોટી મોટી ચિંતાઓને ચપટીમાં ચોળતાં થઈ જશો. ક્રમશઃ આ કળામાં તમે દક્ષ થઈ જશો કે જીવનની દુઃખપૂર્ણ પરિસ્થિતિ સામે આવતાં જ અદૃશ્ય થઈ જશે. ત્યારે આ જગત તમને આનંદમય લાગશે. કારણ કે એમાં ચિંતા, કષ્ટ, પીડા, અભાવ વગેરે કોઈ પણ કુત્સિત વસ્તુ રહેશે નહીં."

જો તમે શૂરવીર અને બહાદુર થવા ઇચ્છતા હો તો તમે હીનત્વની ભાવનાને પૂર્ણરૂપે ભૂલી જાઓ, વિજયના વિચારો જ મનમાં આવવા દો. અને નિશ્ચય કરી લો કે તમે કોઈથી ડરશો નહીં, તમે કોઈને ડરાવશો નહીં. આ વિશ્વમાં તમારૂં આવાગમન કોઈ અતિ ઉમદા કાર્ય માટે નિર્માયું છે.

જો તમે સફળતા પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો નિષ્ફળતા, ક્ષુદ્રતા, અયોગ્યતાની બધી વાતો મનમાંથી કાઢી નાખો. જો તમને કોઈ મંદબુદ્ધિ કહે તો ચોખ્ખો ઈનકાર કરી દો. બીજા લોકોની આવી કોઈ પણ પ્રેરણાનો તમારા પર પ્રભાવ પડવા ન દો. હાર, હીનત્વ, દારિદ્રયના દુષ્ટ વિચારોને હંમેશ માટે તિલાંજલિ આપી દો. જ્યાં સુધી નિષ્ફળતાના વિચાર તમારા હૃદયમાં અતિક્રમણ કરતા રહેશે ત્યાં સુધી કોઈ પણ સફળતા પ્રાપ્ત થશે નહીં.

શક્તિની ઇચ્છા હોય તો નિર્બળતાના વિચારો ભૂલી જાઓ. સ્વાસ્થ્ય જોઈતું હોય તો બિમારી, આધિ–વ્યાધિના વિચારો ભૂલી જાઓ. સ્વાસ્થ્ય–પ્રદાયક વિચારધારાને મનમાં આવવા દો. પ્રેમની કામના હોય તો ઇર્ષ્યા, ક્રોધ, નિંદા, કડવાશના ભાવો ભૂલી જાઓ. શાંતિ ઇચ્છતા હો તો મિથ્યાવાદ, બકવાદ, પરછિદ્રાન્વેષણ, ભ્રમ, સંશયને ભૂલી જાઓ. તમે કેવળ ઇચ્છિત તત્ત્વોનું જ ચિંતન કરો. જેવી અભિલાષા હોય તેવા જ વિચારોને હૃદયના ખૂણે ખૂણે ભરી દો. એવું ન બને કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિકૂળતાના વિચારો તમારા અંતઃકરણમાં ઘર કરીને તમારો સર્વનાશ કરી નાખે!

પ્રિય વાચક! તમે તમારી જાતને નીચ, દુઃખી, દીન-હીન સમજીને અકર્મણ્ય, રોગ-ગ્રસ્ત માનીને કેવી રીતે ઉત્તમ તત્ત્વોની પ્રાપ્તિ કરી શકો? દુઃખ, દરિદ્રતા અને અસફળતા એ વ્યક્તિથી હંમેશ દૂર રહે છે કે એનું સ્વાગત નથી કરતી, તેના તરફથી હંમેશ માટે મોં ફેરવી લે છે વિશ્વ એનું છે જેણે પોતાના પ્રકાશમય અંશને જોઈ લીધો છે, જે દૈવી તત્ત્વોમાં તન્મય રહે છે અને જેણે નિકૃષ્ટ વિચારોમાંથી મુક્તિ મેળવી લીધી છે. માટે વિસ્મૃતિની અમૃત કૂપીમાંથી અમૃત પીને જીવન સુખી અને આનંદિત બનાવો.

卐

## જૈન સમાજને ચરણે-

ઈ. પૂ. પ૨૭માં રાજગૃહ નજીક પાવાપુરીમાં જે ક્ષણે ભગવાને નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું, તે ક્ષણે અઢાર મલ્લ-લિચ્છવી રાજાઓએ દીપમાલા પ્રગટાવી નિર્વાણ-મહોત્સવ ઉજવ્યો હતો. આજ એ ઉત્સવ દેશ-વિદેશમાં અભિનવરૂપે મનાવવામાં આવે છે. જ્ઞાનનું આ મહાપર્વ દુનિયામાં જ્ઞાન-વિજ્ઞાનના નવા દ્વાર ઉઘાડે અને આખો માનવ સમાજ સત્સાહિત્ય અને અધ્યાત્મજ્ઞાનનો પ્રચાર કરે ત્યારે આ મહોત્સવની સાર્થકતા થઈ ગણાય. જૈન સમાજની પાસે એ અપેક્ષા છે કે વિદેશોમાં આજે જૈન ધર્મ અને ભગવાન મહાવીરને સમજવાની તીવ્ર ઉત્કંઠા જાગી છે ત્યારે તેઓની ભાષામાં જૈન ધર્મ અને મહાવીરના વિચારો રજુ કરવાની જવાબદારી જૈન સમાજ અદા કરે. ભગવાન મહાવીર અને તેમના સિદ્ધાંતો પોતાના સમાજ પૂરતા સીમિત ન રાખતા માનવ-માનવ સુધી તે પહોંચાડે અને દુનિયાના ખૂણે ખૂણે તેનો ફેલાવો કરે.

હિન્દી ઉપરથી
'રક્તતેજ'

તા. ૧૮-૨-'૭૬





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આંખનું નૂર (એક હાસ્ય લેખ)

લે. મદનકુમાર મઝમુદાર

મને આંખે નંબર આવતા હતા. ચશ્માની પહેલેથી જ સૂગ, એટલે હું એક ડાબલા વગર દૃષ્ટિ સુધારી આપવાનો દાવો કરતા નિષ્ણાત પાસે પહોંચી ગયો. તેમણે પ્રાથમિક પૂછપરછ કરી. મને તપાસ્યો. બોલ્યાઃ 'જુઓ ચશ્માં ભૂલી જાઓ. થોડીક સાદી, સહેલી, આંખની કસરત બતાવું છું. તે દરરોજ કરો. જ્યારે અને જ્યાં ફાવે ત્યારે અને ત્યાં. બે ચાર મિનિટ સાવધાન. બંને આંખો ડાબી-જમણી, જમણી-ડાબી; ઊંચી-નીચી; ઉપલે ડાબે ખૂણેથી નીચલે જમણે ખૂણે, ઉપલે જમણેથી નીચલે ડાબે; જમણી બાજુથી ગોળગોળ, ડાબીથી ગોળગોળ, એમ ફેરવો. હવે સજ્જડ બંધ કરો, ફાટ-ફાટ ઉઘાડો. નાકની અણી સામે તાકો, દૂરની કોઈ વસ્તુ સામે ટેકવો. આમ વારાફરતી કરો. છેવટે બંને આંખો મીંચો. હથેલી વડે હળવી હળવી દાબો. બસ. આ પ્રમાણે છ અઠવાડીયાં કરી પાછા આવો. ફાયદો થવો જ જોઈએ ચાલીસ રૂપિયા.'

'હેં?' હું હેબતાઈ ગયો.

'ચાલીસ રૂપિયા. મારી ફ્રી. પહોંચ જોઈતી હોય તો પચાસ.'

ચાલીસ ખાટા કરી હું ઘેર આવ્યો. સંકલ્પ કર્યો કે નિયમસર ચક્ષુ-વ્યાયામ કરી ગયેલું નૂર પાછું મેળવવું જ ને નાક ઉપર કોઈ પણ પ્રકારનો સરસામાન લાદવો નહીં જ. મને શરીરસ્વાસ્થ્ય અંગે જે સૂચના મળે તેનો હું હંમેશ ઉત્સાહપૂર્વક પૂરેપૂરો અમલ કરવાનો. સૂરતી લાલાઓ કહે છે તેમ સત્તર આના ને બે પાઈ. બીજે જ દિવસે, વહેલી સવારે, ઊભા બંદા મકાનના ઝરૂખામાં. બંને રતનોને પેલા ચાલીસિયાએ ચીંધેલી તાલીમ સંપૂર્ણ રીતે આપી. બેચાર મિનિટ કરતાં જરા વધારે વખત લાગ્યો. પણ તપનો આરંભ થઈ ચૂક્યો હતો! આ પરિશ્રમને અંતે હું સહેજ ગર્વિષ્ઠ બની મારા અભ્યાસખંડમાં જઈ બેઠો. તરત રામાએ મારા હાથમાં એક ચબરખી મૂકી. 'સામેના ઘરમાંથી આવી છે,' એણે એની બોલીમાં મને સમજાવ્યું. ચબરખી નીચે પ્રમાણે ચડભડી:

'મારી પુત્રી ફરિયાદ કરે છે કે તેણી અમારા છજામાં ઊભી પોતાના વાળ સૂકવતી હતી ત્યારે તમે બહુ જ હલકી રીતે વર્ત્યા. તમે શરમજનક ચક્ષુચેષ્ટાઓ કરી. યાદ રાખજો, મિસ્તર કે આવું નાલાયક વર્તન ફરી કર્યું છે તો હું તમારું એકે હાડકું સાજું નહીં રહેવા દઉં. ખાસ ચેતવણી તો એ આપુ છું કે મારી પુત્રીનું વેવિશાળ એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા મુક્કાબાજ સાથે થયેલું છે. એ આફતને તમારા પરાક્રમની ખબર પડશે તો તમારો ખીમો થયો જાણજો.'

આઘે જોવાનું હતું એટલે જ હું રવેશમાં ગયો હતો. પરંતુ જ્યાં સામો ઝરૂખો જ ધૂંધળો ભાસતો હતો, ત્યાં એમાં કોઈ છે, એ તો જણાય જ કેમ? પ્રથમ તો મને લેખિત કે મૌખિક ચોખવટ કરવાનો વિચાર આવ્યો. પણ પછી થયું કે આવાં આકળાં ઉતાવળાં નંગોથી દૂર રહેવામાં અને પ્રસ્તુત બાબતમાં મૌન સેવવામાં જ ડહાપણ છે. એટલે નિષ્ક્રિય અને મૂક રહ્યો. મનમાં પરમકૃપાળુને પ્રાર્થના કરી કે મને પેલા મુષ્ટિયુદ્ધ કુશળનો ભેટો કદી ન કરાવે.

આ દુઃખદ ઘટના પછી કોઈ પણ ઉઘાડી જગ્યામાં આંખનું શાસ્ત્રીય હલનચલન એ મારે માટે આપઘાત સમું હતું. આજકાલ બિચારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગમ્મરૂ બાળાઓ તો ઠેર ઠેર ઊભી હોય છે, અને ઠેર ઠેર મુક્કાબાજો એને કાજે મેદાને પડવા તત્પર હોય છે. આપણે તો દૃઢ નિશ્ચય કર્યો કે આંખને અભ્યાસખંડમાં જ કસવી ને તે પણ બધાં બારણાં બંધ કરીને. આંખ બચાવવા જતાં શરીર ગુમાવવું પડે એનો શો અર્થ ?

આંખ અતિ વિચિત્ર ઇન્દ્રિય છે. વિધિએ આ વિચિત્રતાનું ભાન મને ખૂબ જ ક્રૂર રીતે કરાવ્યું. નવી યોજના પ્રમાણે મેં ત્રણ અઠવાડિયાં મારી આંખોને મારા બંધ અભ્યાસખંડમાં કસી. ત્યાર બાદ મારે એક સરસ નોકરીના સંબંધમાં મુલાકાત માટે જવાનું થયું. એક ખુરશી પર બેઠો હતો. મારી સામે ત્રણ જણા ઇન્ટરવ્યુ લેવા જામ્યા હતા.

'તમારી આંખે કાંઈ વાંધો છે ?' વચલાએ મને પૂછ્યું.

'ના–ના, સાહેબ,' હું થોથવાયો.

'પણ તમે બંને આંખો ચક્કર-ચક્કર ફેરવતા હતા ! હવે તમે ફાટે ડોળે મારી સામે જોઈ રહ્યા છો !'

'ન–ના, સ–સાહેબ !'

'હવે પોતાનાં નાકની અણીની જેમ લે છે !' ડાબો બોલ્યો.

'તરત ઉઘાડવાસ કરવા મંડયો !' જમણો અચરજ પામ્યો.

'છટકી ગયું લાગે છે,' વચલો મોટેથી ગણગણ્યો : 'ઘાતક પાગલ હોઈ શકે.'

'મિસ્તર, તમે જઈ શકો છો,' ડાબાએ મને ખલાસ કર્યો.

હું બહાર નીકળી ગયો. નોકરી ગઈ પણ જ્ઞાન આવ્યું કે આંખને તમે પાડેલી ટેવ તમે પોતે પણ નહીં ટાળી શકો. તમારી જાણ વગર એ નિત્યક્રમ કર્યે જશે. ફાવે ત્યારે ફાવે તેમ કરશે. તમને ઉકરડા સામે અફાળશે, ભમ્મરિયા કૂવામાં ફંગોળશે ને ધોળે દિવસે તારા દેખાડશે.

મારી સન્મુખ આ બિહામણો કોયડો ઊભો થયો. આંખના જીવલેણ સ્વચ્છંદને શી રીતે નાથવો ? ઘડી ઘડી કફોડી હાલતમાં મૂકી દેનાર તેની આદતને કઈ તરકીબથી અંકુશમાં લેવી ? પહેલાં તો હું મરજી મુજબ મારી આંખોને હેરવી–ફેરવી શકતો. હવે હું મજબૂર હતો. આંખો મારી નહોતી, હું આંખોનો હતો. ચક્ષુનો ચાકર !

પાછો પેલા નિષ્ણાત પાસે જાઉં ? પણ મારો બેટો વળી બીજા ચાલીસ ઓકાવે તો ? ભલું પૂછવું. નિષ્ણાતોને ઇશ્વરે શોષણ અર્થે જ ઘડ્યા છે. એમાંના એકાદ પાસે ગયા કે મર્યા. હાથ અડાડે ને તમારા ચાલીસ–પચાસ ફૂંકાઈ જાય. કંઈક બોલે ને તમારું ખીસું ખલાસ ! આ મનોમંથને મને ચૂંથી નાખ્યો. એવામાં એક પુસ્તક મારા વાંચવામાં આવ્યું. પુસ્તકનો વિષય 'મનોબળ'. એનો સારાંશ એ હતો કે સંકલ્પ શક્તિથી, માનસિક દૃઢતાથી, નિશ્ચય બળથી, ધારો તે સાધી શકાય છે. મનમાં નક્કી કરો કે મારે અમુક કામ પાર પાડવું જ છે. ધ્યેય તરફ આગે બઢો, ને ફતેહ થવાની જ. દૃઢ નિશ્ચય અને સતત પ્રયત્ન દ્વારા વિધાતા પર પણ વિજય મેળવી શકાય છે. પુસ્તકે મારા પર ઊંડી અસર કરી. હું મારાં ચર્મ-ચક્ષુઓ પર વિજય મેળવવા કૃતનિશ્ચયી અને પ્રયત્નશીલ થયો. અર્થાત ઉછાંછળી આંખોને કાબૂમાં લેવા માટે મહેનત કરવા માંડ્યો.

આંખોને મારી વચ્ચે દારુણ સંગ્રામ થઇ પડ્યો. હજી પેલાં છ અઠવાડિયાં પૂરાં નહોતાં થયાં ત્યાં હું જીત્યો. ચક્ષુ–વ્યાયામ તદ્દન સમાપ્ત થયો. આંખોની ઉદ્ધત હીલચાલ બંધ થઈ. મારી ઇચ્છા મુજબ એને ઉઘાડવા, બંધ કરવા, ચલાવવા, અટકાવવા, હું શક્તિમાન થયો. આંખોનો નોકર મટી નાથ થયો. માત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક જ નિરુપદ્રવી વસ્તુને વળગી રહ્યો. કામ ઉપરથી ઘેર જાઉં ત્યારે લોકલ ટ્રેનમાં આરામથી બેસી આંખો બંધ કરું અને હળવે હળવે બંને હથેળીવતી દાબું. આ પ્રયોગ અત્યંત લાભદાયી અને આનંદદાયી માલૂમ પડયો. આંખનો થાક ઊતરી જાય, તાઝગી આવે, ચોખ્ખું દેખાય; અલબત્ત મારી દૃષ્ટિની મર્યાદામાં.

છઠ્ઠું અઠવાડિયું ચાલતું હતું. સાંજના સાતનો સુમાર હશે. આજે મોડું થયું હતું. ટ્રેનના ફર્સ્ટક્લાસના ખાનામાં ગરદી હતી. બેઠકોની બે હરોળની વચ્ચેના માર્ગમાં હું ઊભો હતો. પગારદિન હોવાથી મેં મારો માસિક પગાર લીધો હતો. થોડીક ખરીદ કરેલ ચીજો બાજુની છાજલી પર મૂકી હતી. ટ્રેન સપાટાબંધ આગળ ધપતી હતી. મને થયું કે ચાલને જરા આંખોને આરામ આપું! તરત શરીર એક મેર ટેકવી, બંને હથેલી આંખો પર ચાંપી. હાશ! શું વિશ્રાંતિ, શું સુખ. દશેક મિનિટ એમને એમ રહ્યો. વચમાં! એક સ્ટેશન આવ્યું ધક્કા મુક્કી થઈ, લોકો ચડયાઊતર્યા. પણ હું ડગ્યો નહિ કામ કાં તો આદરવું નહિ, ને આદરવું તો પુરૂં કરવું. આ મારો સિદ્ધાંત.

અંતે મેં આંખ ઉઘાડી, હલકી ફૂલ! સર્વત્ર સર્વ શુદ્ધ, સ્વચ્છ, ચોખ્ખુ! સૌથી વધારે મને ચોખ્ખું દેખાયું તે તો એ કે મારી ખરીદી, તમામ, છાજલી પરથી અદૃશ્ય થઇ હતી! મારો ડાબો હાથ યંત્રવત્ મારા કોટના જમણી બાજુનાં અંદરના ખીસામાં ગયો. મારૂં ખિસ્સું કપાયું હતું! મારો બાકીનો પગાર ગેબ!

પછી પેલા નિષ્ણાત પાસે ગયો જ નહિ. કારણ ભેજું ગેપ નહોતું થયું.

●

## એકાક્ષરી ગુરુમંત્ર 'પ'

એક ગુરુના ત્રણ શિષ્યો આશ્રમમાં પોતાનો અભ્યાસ પુરો કરી ગુરુ પાસે વિદાય લેવા ગયા. તેમાં એક હતો રાજપુત્ર, એક વણિક પુત્ર ને એક બ્રાહ્મણ પુત્ર. ગુરુએ આશીર્વાદ આપી ત્રણેને ઘરે જવાની અનુજ્ઞા આપી, એટલે શિષ્યોએ કહ્યું, 'હે ગુરુવર્ય, અમને એક એવો ગુરુમંત્ર આપો, કે જેથી અમે અમારું જીવન ઉજ્જવળ બનાવીએ.'

ગુરુએ કહ્યું, 'હું તમને ત્રણેને એકાક્ષરી મંત્ર આપું છું. તેને તમે જીવનભર ભૂલશો નહિ તે મંત્રનું બરાબર રટણ કરજો ને જીવનમાં ઉતારજો. એ મંત્ર છે, "પ".

શિષ્યોએ કહ્યું, "ભલે, જેવી આપની આજ્ઞા"

રાજપુત્રે વિચાર્યું કે, ગુરુએ મને કહ્યું છે કે 'પ્રજાપાલન કરો'.

વણિકપુત્રે વિચાર્યું કે ગુરુએ મને કહ્યું છે કે 'પરમાર્થ કરો'.

બ્રાહ્મણપુત્રે વિચાર્યું કે ગુરુએ મને કહ્યું છે કે 'પઠન–પાઠન કરો'.

'રક્તતેજ' તા. ૧૯-૨-૭૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# કૌટુંબિક સલામતી...

આપનાં બાળકોના ભાવિની
સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
દેના બેંકમાં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમજ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૫ ટકા.



**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસઃ હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩.

Ratan Batra/ DB/G/260


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિવ્ય દૃષ્ટા ભગવાન મહાવીરસ્વામી

લે. પંન્યાસશ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમાર શ્રમણ)

ભગવતી સૂત્રના સાતમા શતકના બીજા ઉદ્દેશાનો તેવીસમો પ્રશ્ન છે કે, જીવો શાશ્વતા કે અશાશ્વતા?

જુદા જુદા સ્થાનેથી જે વિચારધારાઓ શ્રી ગૌતમસ્વામીજીને કર્ણગોચર થતી, તે બધી વાતોનો નિર્ણય કરવા માટે અને પરિષદને સમ્યગ્ બોધ થાય તે માટે પણ પ્રશ્નો પૂછવામાં આવતાં હતાં.

તે સમયે ભારતમાં પશુહત્યા, પક્ષીહત્યા, શરાબપાન, પરસ્ત્રીગમન આદિ પાપોની મર્યાદાતીતતા હતી. તેવી રીતે દાર્શનિક વાક્યુદ્ધો અને કયાંય ડંડાડંડી યુદ્ધનું પણ પ્રાચુર્ય હતું. ભગવાન મહાવીર સ્વામીના કેવળજ્ઞાન પછી આચારસંહિતામાં કંઈક સુધારો થયો હતો. પરંતુ વિચાર ક્રાંતિ વિનાની આચાર સંહિતા દૃઢ નથી થતી. તે માટે જ ભગવાને સ્યાદ્વાદ સિદ્ધાંતના માધ્યમથી જનમાનસમાં જબરદસ્ત વિચાર ક્રાંતિ સ્થાપિત કરી પંડિતોના મસ્તિષ્કોને પોતાના ચરણમાં ઝૂકાવી શકયા હતાં.

સંસારના પ્રત્યક્ષ અનુભવાતાં સુખ–દુઃખ, સંયોગ-વિયોગ આદિ વ્યવહારોને પડતાં મૂકી કોરી બુદ્ધિ કલ્પનાના ઘોડા દોડાવવામાં કયો હેતુ સિદ્ધ થવાનો હતો?

હિંસા–જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના પાપોથી ખદબદી ગયેલાઓને સ્વર્ગ અને મોક્ષના પાઠો ભણાવવાથી સાંત્વના કઈ રીતે અપાશે? આ બધી વાતોને પ્રત્યક્ષ કર્યા પછી જ ભગવાન મહાવીરસ્વામીએ વિચારોમાં ક્રાંતિ લાવવા માટે જ કરેલો પ્રયત્ન સંપૂર્ણ સફળ બન્યો છે. નિશ્ચિત હકીકત આ છે કે; ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ પછી સમય જતાં વેદવિહિત હિંસાએ પોતાનું તાંડવનૃત્ય ફરીથી શરૂ કરી દીધું હતું. માંસાહારની સાથે સુરા (શરાબ) અને સુંદરી [ પરસ્ત્રી ]નો સહવાસ નકારી શકાતો નથી. આમ વધી ગયેલી આ ત્રિપુટીમાં તે સમયના પંડિતો, મહાપંડિતો, શ્રીમંતો અને સત્તાધારીઓ લગભગ એકાકાર અર્થાત્ એક જ સિદ્ધાંતના ઝંડા નીચે આવી ગયા હતાં. માનવ સમાજનું ચિત્રામણ જ જ્યાં કદરૂપુ હોય, ત્યાં શાસ્ત્રીયજ્ઞાન અને તર્કો પણ કદરૂપા બની, માનવ સમાજને કિંકર્ત્તવ્યમૂઢ બનાવી દે છે. ત્યારે જ તો ભગવાન મહાવીરસ્વામીના ઉદયકાળે પોતાની જાતને તીર્થંકરરૂપે માનનારી છ વ્યક્તિઓ પોતપોતાની અનુયાયી મંડળીમાં ધર્મના સિદ્ધાંતોને ઘણા જ સસ્તા કરી બેઠા હતાં.

કથિત તીર્થંકરો આ પ્રમાણે હતાં. ૧. પૂરણ કશ્યપ, ૨. અજીત કેશ કંબલી ૩. પ્રકુધકાત્યાયન, ૪. સંજયવેલટ્ઠિપુત્ર, ૫. મંખલીપુત્રગોશાળ, ૬. બુદ્ધ આ છમાંથી પહેલાના પાંચ મહાનુભાવો તો અત્યારે નામશેષ જ રહ્યા છે, જ્યારે બૌદ્ધશાસન અત્યારે પણ વિદ્યમાન છે. તેમની માન્યતા એકાન્ત ક્ષણિકવાદની છે. જ્યારે નૈયાયિકો આત્માને સર્વથા નિત્ય માનનારા હતાં. તેમની ઉદ્‌ઘોષણા હતી કે આકાશની જેમ આત્મા પણ એકાન્ત નિત્ય હોવાથી તેમાં કોઈ જાતના ફેરફારને અવકાશ નથી સુખ–દુઃખની કલ્પનાઓ પ્રકૃતિ કે માયામાં જ સંભવી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ આત્માને એકાન્તનિત્ય માનવો કે એકાન્તક્ષણિક માનવો? તથા આના જેવી બીજી ચર્ચા–વિતંડાવાદમાં જ ભારતનો મહાપંડિત ગોથા ખાઇ રહ્યો હતો. કોઇક સમયે ચર્ચાઓ ઉગ્રરૂપને ધારણ કરતી ડંડાડંડી સુધી પણ પહોંચી જતી હતી રાજ્યસત્તાઓ પણ આવા પોથીપંડિતોની વાક્જાલમાંથી બહાર નીકળી શકી નથી. આવી સ્થિતિમાં દેશનું વાતાવરણ મધ્યમવર્ગ, ધાર્મિક વૃત્તિના મહાનુભાવો, ત્રસ્તમય અવસ્થા ભોગવી રહ્યા હતા.

આ બંને મોટા પક્ષોની લડાઇના પાપે જ પૂરણકશ્યપની માન્યતા આ પ્રમાણે હતી કે મનુષ્ય જે કંઇ કરે છે. તે આત્મકૃત નથી, છેદન–ભેદન, મરવું, મારવું, ચૌર્ય તથા મૈથુન કર્મ આદિમાં પાપ નથી, તેમ દયા–દાન આદિ કાર્યોમાં ધર્મ પણ નથી. આવી રીતે પોતાની અનુકૂળ માન્યતાને લઇ જનતાનો મોટો વર્ગ પૂરણકશ્યપનો ભક્ત બની ગયો હતો, છતાં એ બુદ્ધદેવના પ્રભાવને સહન નહીં કરતો પૂરણ-કશ્યપ જળસમાધિ લઇને ભારત ભૂમિમાંથી અદૃશ્ય થયો. અજીતકેશ કંબલીની માન્યતા ચાર્વાકને મળતી આવતી હતી. પ્રકુધ કાત્યાયનના મનમાં 'પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ, સુખ–દુઃખ અને જીવન' આ સાતેય તત્ત્વો અકૃત, અનિ-મિત્ત, અબદ્ધ અને કૂટસ્થ છે માટે કોઇ મારનાર નથી અને કોઈ મરનાર નથી.

સંજયવેલટ્ઠિ પુત્ર સર્વથા અજ્ઞાનવાદી રહ્યો છે. તેની માન્યતા હતી કે 'આ સંસારમાં જ્ઞાનના કારણે જ વૈર–વિરોધ વધ્યા છે. હિંસા–જૂઠ, ચોરી મૈથુન અને પરિગ્રહ આ જ્ઞાનીઓની ભેટ છે અને જ્ઞાનીઓ પણ એકબીજાના કટ્ટર વૈરી છે, એક જાય છે ઉત્તર તરફ જ્યારે બીજો જાય છે દક્ષિણ તરફ. આમાં કયો પંડિત સાચો? અને કયો ખોટો? માટે અજ્ઞાન શ્રેયસ્કર છે.

મંખલી પુત્ર ગોશાળની માન્યતા હતી કે, કલેશ, સુખ, દુઃખ આદિ બધીએ વાતો નિર્હેતુક છે, જીવાત્મા પોતે કંઈ પણ કરતો જ નથી. બધું પોતાની મેળે જ બને છે, તૂટે છે, સંધાય છે.

આ પ્રમાણે આ બધાએ પંડિતોની માન્ય-તાના ચક્રાવે ચઢેલી રાજ્ય સત્તા, કર્મચારી સત્તા અને શ્રીમંતોએ પૂરા સંસારને વિષમય બનાવી દીધો હતો.

જગદંબાની જેવી અજોડ શક્તિને ધારણ કરનારી સ્ત્રીજાતને કેવળ પોતાના અંગત સ્વાર્થની ખાતર સર્વથા તોડી નાખી હતી, તેને ક્યાંય પણ બોલવાનો અધિકાર નથી, સલાહ દેવાનો અધિકાર નથી.

આવા કપરા સમયે દયાના સાગર ભગવાન મહાવીરસ્વામીએ સમવસરણમાં બિરાજમાન થઇને કહ્યું કે: હે પંડિતો! તમે જરા વિચાર કરો. આંખ બંધ કરીને વિચારો! કે જે સંસારને માટે તમે બધાએ પોતપોતાની મતિ કલ્પનાના આધારે સિદ્ધાંતો નક્કી કરી બેઠા છો, પરંતુ આખોયે સંસાર તમારા સૌની નજરમાં સદૈવ પ્રત્યક્ષ છે. જેમાં અનંતાનંત જીવરાશિ પણ છે, અને અનંતાનંત પૌદ્ગલિક પદાર્થો પણ છે. જે બધાએ પ્રતિસમયે નવા નવા પર્યાયોમાં પરિવર્તિત થાય છે, અને જુના આકારો બદલે છે.

સુવર્ણની કંઠીને જ જોઈ લો! તેમાં ચિર-સ્થાયી સુવર્ણ દ્રવ્ય પાર્થિવ છે. જે સોનીના હાથે કંઠીના આકારે આવ્યું છે. ત્યારે કંઠી તરીકે સંબોધાયું. પછી તે આકારને તોડાવી વીંટીના આકારે આવ્યું. ત્યારે દ્રવ્ય તો બંને અવસ્થામાં તેમનું તેમજ કાયમ રહ્યું અને કંઠીના પર્યાયનો નાશ તથા વીંટીના આકારની ઉત્પત્તિ થઈ. આ પ્રમાણે સર્વત્ર મૂળ દ્રવ્યને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રતિ માત્ર પણ હાનિ થયા વિના પર્યાયોની ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને હાનિ સૌને પ્રત્યક્ષ અનુભવમાં આવી રહી છે. આનાથી આપણને જાણવામાં સુગમતા થશે કે : તૃણના ટૂકડાથી લઈ આકાશ સુધીના અનંત દ્રવ્યોમાં બે તત્ત્વ સદૈવ રહેલા જ છે, એક દ્રવ્ય અને બીજો પર્યાય.

પર્યાય એટલે આકાર વિશેષ કેમ કે એકલું દ્રવ્ય માનવને કામમાં આવતું નથી. હું તમને જ પૂછું છું કે એકલું સુવર્ણ, માટી, રૂ, આદિ દ્રવ્યો તથા શરીરના પર્યાય વિનાનો જીવ સંસારની કોઈ પણ વ્યક્તિને શા કામે આવવાના છે?

ત્યારે સુવર્ણ દ્રવ્ય કંઠી, વીંટી, કંદોરો, કુંડળ, બંગડી આદિના પર્યાયોમાં પરિવર્તિત થઈને સૌ કોઈને કામે આવે છે. માટી દ્રવ્ય પિંડ, ઘડા, હાંડી આદિ પર્યાયોમાં આવ્યા પછી જ કામે આવે છે. રૂ દ્રવ્ય પણ સુતર, ધોતી, ખમીશ કોટ ટોપી આદિ પર્યાયોમાં આવ્યા પછી જ ઉપકારક બને છે.

આ જ પ્રમાણે જીવ પણ કોઈને કોઈ શરીર પર્યાયમાં આવ્યા પછીજ તે કોઈનો પુત્ર બને છે, તો બીજાનો બાપ બને છે. એકનો કાકો બને છે તો બીજાનો ભત્રીજો; કોઈનો પતિ બને છે, તો બીજાનો નોકર બને છે, અને આમ થયા પછી સંસારનો વ્યવહાર ચાલે છે. આ તમારો પાંડુરંગ શિષ્ય જ કોઈ વિદ્યાર્થીનો શિક્ષક છે તો બીજા પંડિતનો વિદ્યાર્થી પણ છે. માટે જ દ્રવ્ય વિનાના પર્યાયો હોઈ શકતા નથી અને પર્યાય વિનાનું દ્રવ્ય પણ કોઈએ જોયું નથી, જોવાતું નથી, જોવાશે પણ નહી. સુવર્ણ દ્રવ્ય પણ બંગડી, મહોર, ત્રિકોણ કે ચતુષ્કોણ આકારમાં જ જોવા મળે છે ને.

માટી દ્રવ્ય નાના મોટા ઢેફા કે ધૂલના આકારમાં જોવા મળશે. આ પ્રમાણે એકલા જીવ દ્રવ્યને તમે બધાએ ભેગા મળી ગોતતા ગોતતા થાકી જશો તો એ શરીર વિનાના જીવને જોઈ શકવાના નથી—મેળવી શકવાના નથી.

પ્રત્યક્ષ દેખાતી વનસ્પતિમાં થડ, શાખા, પાંદડા તે વનસ્પતિકાય જીવોના શરીરો છે. ત્યારે જ પાણી મળતાં તે જીવો આપણી જેમ વધે છે.

આ બધા કારણોને લઈ જીવ દ્રવ્યાસ્તિક-નય પ્રમાણે નિત્ય છે, શાશ્વત છે, અને પર્યાયાસ્તિકનય પ્રમાણે અનિત્ય છે. અશાશ્વત છે. કેમકે શરીર પર્યાયને ધાર્યા વિનાનો આત્મા એકલો રહી શકે જ નહી, અન્યથા 'ભોગાયતનં શરીરમ' આ માન્યતા જૂઠી પડશે. જે તમને અને મને પણ કબૂલ નથી. સુખ દુઃખ પણ પર્યાય છે. આપણે મનુષ્ય અવતારને પામેલા જીવની જ વાત કરીએ. જ્યાં સુખ-દુઃખ સંયોગ—વિયોગના દ્વંદ્વો પ્રત્યક્ષ જોવાઈ રહ્યા છે જે આત્માના જ પર્યાયો (ગુણો) છે.

આત્મા જ્યારે ક્રોધાવેશમાં હોય છે, ત્યારે આપણે સૌ તેને 'આગનો ગોળો' કહીએ છીએ. અને પછી તે જ આત્મા જ્યારે શાંત બને છે ત્યારે શાંત મૂર્તિ તરીકે સંબોધીએ છીએ. મૈથુનાસક્ત બનીને જ્યારે ગર્દભચેષ્ટા કરે છે ત્યારે તે વાસનાનો કીડો બને છે. અને સંસાર પણ એમ જ સંબોધે છે કે 'આ બિચારો વાસનાનો કીડો છે, ત્યારે બીજા સમયે શિયળ સંપન્ન બનેલા તે જ જીવાત્માને લોકો બ્રહ્મનિષ્ઠ કહીને ઉભા રહે છે.

દેવયોનિને પામેલો જીવ દેવ કહેવાય છે, મનુષ્યયોનિમાં રહેલો જીવ મનુષ્ય કહેવાય છે. આમ દ્રવ્યમાં રહેલા પર્યાયોનું પરિવર્તન સૌને દેખાઈ રહ્યું છે. તે કારણે જ પદાર્થને જોવા માટે તથા તેનો યથાર્થ નિર્ણય કરવા માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બે દૃષ્ટિકોણ છે, અપેક્ષા છે. જે સર્વથા વ્યવહારૂ માર્ગ છે માટે જ સર્વથા સત્ય છે.

તમે બધાએ પદાર્થના નિર્ણયમાં એક જ દૃષ્ટિકોણ માની બેઠા છો તેથી તમારા પરસ્પરના ઝઘડા શાંત થતા નથી, સમન્વય સાધી શકતા નથી. કેમકે એકબીજાને સમજી શકવા જેટલી ક્ષમતા નથી.

ભાગ્યશાળીઓ! આ દેવ દુર્લભ મનુષ્ય અવતાર નિરર્થક ઝઘડા કરવા માટે નથી, કલેશ કંકાસ વધારવા માટે નથી. માટે એક બીજાનો દૃષ્ટિકોણ સમજવાની તૈયારી રાખો અને પદાર્થના નિર્ણયમાં બંને દૃષ્ટિકોણોનો ઉપયોગ કરો, તેથી તમને વાસ્તવિક જ્ઞાન મળશે, ઝઘડા શાંત થશે, માનવ માનવના પ્રેમી બનશો. જીવનમાં અહિંસા, સત્ય, સંયમ, દયા, દાન આદિ સત્કર્મો કરવામાં ઉત્સાહ આવશે. અને તમારા માનવ જીવનમાં શાન્તિ-સમાધિની પ્રાપ્તિ થતા અનંત સુખોના ધામ જેવો મોક્ષ મેળવવામાં ભાગ્યશાળી બનશો.

ભગવાન મહાવીરસ્વામીના આવા પ્રકારના 'ઉદ્બોધ'ને પંડિતો-મહાપંડિતો સમજ્યા અને ભગવાનના શરણે આવ્યા.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હીરક મહોત્સવ અંગે એકત્ર થનાર રૂા. ૩૧ લાખનો નિધિ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઓલ્ડ બોયઝ યુનિયનના મંત્રીશ્રી મગનલાલ બી. શાહે આજે અત્રે જણાવ્યું હતું કે, માતૃસંસ્થાની વર્તમાન આર્થિક જરૂરિયાતને લક્ષમાં રાખી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ રૂા. ૩૧ લાખનો નિધિ સંચય કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે આગામી મે માસની બીજી તારીખે સન્મૂખાનંદ હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક ૧૫-૧૭ લાખના ખર્ચની જોગવાઈની સામે ૧૩ લાખની આવકના સાધનો હોવાથી, કાયમી આવકનાં સાધનો ઉપલબ્ધ કરવાના હેતુ માટે આટલો નિધિ આવશ્યક છે.

યુનિયનના અન્ય મંત્રી શ્રી હિંમતલાલ એસ. ગાંધીએ જણાવ્યું હતું કે, છેલ્લા છ દાયકાથી ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી સવલતા આપતી આ સંસ્થામાં રહીને, અત્યાર સુધીમાં આશરે ૪૦૦૦ વિદ્યાર્થીઓએ તેમના જીવનનું ઘડતર કર્યું છે અને સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે આ પ્રસંગે સંસ્થાના આવા પૂર્વ વિદ્યાર્થીઓ પોતે વધારેમાં વધારે રકમ આપે તથા પોતાના સ્નેહી-સંબંધી-મિત્ર વર્તુળમાંથી મેળવી આપે તો રૂા. ૩૧ લાખના લક્ષ્યાંકને પહોંચી વળવું ઘણું સરળ છે

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીયા ટેન્ક ઉપરાંત અંધેરી, પૂના, અમદાવાદ, વડોદરા, વલ્લભ વિદ્યાનગર અને ભાવનગરમાં શાખાઓ છે અને ૮૦૦ વિદ્યાર્થીઓ તેમાં રહી અભ્યાસ કરે છે. તેમને જમવા-રહેવાનો ખર્ચ, કોલેજ ફી અને યુનિવર્સિટી પરીક્ષા ફી લોન રૂપે આપવામાં આવે છે. ઉપરાંત સંસ્થા હસ્તકના ફંડોમાંથી સંસ્થાની શાખાઓ સિવાય અન્ય કેન્દ્રોમાં રહી અભ્યાસ કરવા પૂરક રકમની સહાય અપાય છે અને ૬૦%થી વધુ માર્ક્સ મેળવતી બહેનોને આશરે વાર્ષિક રૂા. ૨૫૦૦૦/-ની સ્કોલરશીપ પણ આ સંસ્થા આપે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવ કે માનવ ?

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

મહાભારતના વનપર્વનો એક સુંદર પ્રસંગ છે. દ્યૂતમાં હારી ગયા પછી પાંડવો વનમાં ચાલી ગયા તે વખતની આ વાત છે. યુધિષ્ઠિરે પોતાના નાના ભાઇ અર્જુનને શસ્ત્રાસ્ત્રના અભ્યાસ અર્થે ઇન્દ્ર પાસે મોકલવાનો નિશ્ચય કર્યો. કુન્તા માતાને મંત્ર દ્વારા જે પુત્રો થયા, તેમાં અર્જુન એ ઇન્દ્રના આવાહનના ફળ સ્વરૂપે હતો. તેથી જ અર્જુનને ઈન્દ્રના પુત્ર તરીકે માનવામાં આવે છે. અર્જુનની વિદાય વખતે યુધિષ્ઠિરે તેને બોધ આપતાં કહ્યું : " કોઇપણ નિશ્ચિત કાર્ય પાર પાડવાને માટે સૌથી પ્રથમ જરૂર છે સાધુવ્રતની. સંયમ અને ચારિત્રના સુભગ મિલનને જ સાધુવ્રત કહેવાય છે. સંયમથી જીવનમાં આપોઆપ ત્યાગવૃત્તિ આવે છે અને જે સ્થાનમાં તું જઇ રહ્યો છે, તે એટલું બધું લપસણું છે કે જો આ ગુણોમાંથી જરા પણ ચ્યુત થવાય, તો પહાડની ઊંડી ખીણમાં ગબડી જવાય છે. અનેક જાતની લાલચો અને પ્રલોભનોનો સામનો કરવાની શક્તિ હોય, તેના માટે જ દેવલોકમાં જવું ઉચિત છે. દેવલોકમાં પ્રાપ્ત કરવાને બદલે ગુમાવવાનો જ ભય વધુ છે." અર્જુને યુધિષ્ઠિરનો બોધ માથે ચડાવ્યો અને વિદાય લઈ અનેક જાતના સંકટો વેઠતો વેઠતો અંતે દેવલોકમાં જઈ પહોંચ્યો.

પોતે ઇન્દ્રનો પુત્ર એટલે ત્યાં તેની આગતા સ્વાગતા પણ ઉત્તમ રીતે થઇ. દેવલોકના વાસ દરમિયાન સભામાં ઇન્દ્રે એક ભવ્ય નૃત્ય સમારંભ ગોઠવ્યો હતો. દેવલોકની અનેક અપ્સરાઓ સાથે રંભા, તિલોત્તમા અને ઉર્વશી પણ એ નૃત્ય સમારંભમાં સામેલ હતી. બધી અપ્સરાઓમાં ઉર્વશીનું સ્થાન અનોખું હતું. ઇન્દ્રની તે અત્યંત પ્રિય અપ્સરા હતી. બધી અપ્સરાઓનું નૃત્ય પૂરું થતાં સૌથી છેલ્લે ઉર્વશી આવી. ઉર્વશીએ આજે સોળે શણગાર સજ્યા હતા. નારી, માત્ર પોતાના સૌંદર્યથી સંતોષ નથી પામતી, તે તો સૌંદર્યનું પ્રદર્શન કરવા પણ ઇચ્છતી હોય છે. અંબોડાની આસપાસ બાંધવામાં આવતી ફૂલની વેણી નારીના સૌંદર્યમાં કદાચ વધારો કરતી હશે, પણ વેણીની પહેરનારી પોતે તો તે જોઇ શકતી નથી. આ પણ સૌંદર્યનું એક પ્રકારનું પ્રદર્શન જ છે ને! અન્ય લોકોને પોતાનું સૌંદર્ય બતાવવામાં અનેક ફૂલોની હત્યા કરવી પડે છે, પરંતુ સૌંદર્યનો કેફ નર અને નારી બંનેને છતી આંખે અંધ બનાવી દે છે.

પતંગિયાઓ જેમ દીવાની જ્યોત પ્રત્યે ખેંચાય છે, તેમ નૃત્ય સમારંભમાં બીરાજેલા દેવો પણ ઉર્વશી પ્રત્યેના મોહના કારણે, ગુરુત્વાકર્ષણની શક્તિની માફક ખેંચાઈ અનિમિષ દૃષ્ટિએ તેનું નૃત્ય જોઇ રહ્યાં હતા. ઉર્વશીનું આવું ઉન્માદભર્યું નૃત્ય દેવોએ અગાઉ ક્યારેય પણ જોયેલું નહોતું. ચંપાની કળીઓ સમી તેની નાજુક આંગળીઓ, મોતીની માળા જેવી એની દંત પંક્તિઓ અને કમળની દાંડી જેવા તેના હાથથી, તેનું વદન શરદઋતુના ચંદ્ર જેવું શોભી રહ્યું હતું. નૃત્ય વખતે તે જે બાજુએ સરતી ત્યાં વિદ્યુતની જેમ ચમકતી. તેની દૃષ્ટિ ચારે બાજુ ફરતી પણ તેનું હૈયું તો નવોઢા પ્રણયિનીની માફક અર્જુનની આસપાસ જ ઘુમી રહ્યું હતું.

ઉર્વશીના પગમાં અજબગજબનો થનગનાટ હતો અને તેના ચક્ષુઓમાં અપૂર્વ માદકતા હતી. તે દિવસે તેનું નૃત્ય સામાન્ય નહોતું કારણ કે દ્રૌપદી અને સુભદ્રાના પતિ અર્જુન પર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને વિજય પ્રાપ્ત કરવો હતો. અર્જુન જેવા નરનો એ સમયે પૃથ્વી પર કોઈ જોટો ન હતો. શંકરે જે કામને બાળી નાખ્યો, તે કામ ઉર્વશીની આંખમાં ફરી સજીવન થયેલો દેખાતો હતો. ઉર્વશી માનવસ્વભાવથી સારી રીતે પરિચિત હતી અને જાણતી હતી કે નારી જો પુરૂષને એક જ વાર ચંચળ બનાવી શકે તો ભમરો જેમ કમળની પાંખડીમાં પુરાઈને જ મરવાનું પસંદ કરે છે, તેમ પુરુષ પણ એ નારી રૂપી કેદખાનામાં જ મરવામાં પોતાનું જીવન ધન્ય માનતો થઈ જાય છે.

અર્જુન કોઈ મુનિ કે યોગી ન હતો, એ તો ભોગી હતો. સુભદ્રા પર જેવી દૃષ્ટિ પડી કે તરત જ તેનું હરણ કર્યું હતું તેમ છતાં અહિં પરિસ્થિતિ જુદી હતી. યુધિષ્ઠિરે આપેલી શીખ મુજબ તે તો નીચી મૂંડી કરીને જ નૃત્ય જોઈ રહ્યો હતો. તેની દૃષ્ટિ ઉર્વશીના પગ સુધી જ પહોંચતી. અર્જુનને આ સ્થિતિમાં જોઈ ઉર્વશી મૂંઝાણી અને મનમાં ગુસ્સો પણ આવ્યો. તેના નૃત્યે નવું સ્વરૂપ ધારણ કર્યું અને તેમાં દ્રુતતા આવી. ઘણી વખત ડહાપણ, જ્ઞાન અને સમજદારી હોવા છતાં, માણસને એ સર્વમાંથી ચ્યુત કરી દે એવી પળ, માનવ સહજ નબળાઈના કારણે જીવનમાં આવી જતી હોય છે. લક્ષ્મણાજી જેવા સુશીલ સાધ્વી પણ આવી નબળાઈના કારણે એકાદ પળ માટે પરવશ થઈ ગયાં હતાં, તો અહિં તો બાણાવલી અર્જુન હતો. અર્જુનની આંખો ઊંચી થઈ અને ઉર્વશીના રૂપે અને નૃત્યે તેનું ભાન ભૂલાવ્યું, પણ બીજી જ પળે તેણે પોતાની જાત પર કાબુ મેળવી લીધો. યુધિષ્ઠિરની શીખ તેને યાદ આવી. ઉર્વશી પુરુરવાને પરણી હતી અને પોતે પણ તે જ કુળનો (અર્જુન 'પૌરવ' તરીકે પણ ઓળખાય છે) હોય, ઊર્વશી તો તેની દાદીમા થાય, એ વાત પણ તેના ધ્યાનમાં તુરત આવી ગઈ. દૃષ્ટિ તો બીજી જ પળે નીચે નમી ગઇ, પણ ઉર્વશીએ તો પેલી એકાદ પળની દૃષ્ટિમાં પોતાનો સાર્વભૌમ વિજય માની લીધો. કામી સ્વતાં પશ્યતિ કામનાથી ઘેરાયેલ નર કે નારી, જેની એને કામના હોય તે પાત્રમાં આબેહુબ પોતાના મનનાં ભાવોની જ છબી જુવે છે. નૃત્ય પૂરું થયું અને ઉર્વશીએ ઇંદ્ર મહારાજની પાસે જઇ વંદન કર્યાં. વંદન કરતાં વખતે અર્જુન તરફ એક મર્મવેધી દૃષ્ટિ પણ કરી લીધી. એ દૃષ્ટિ એવી હતી કે જેનાથી મહાયોગેશ્વરો પણ પાણી પાણી થઈ જાય.

અર્જુનને ઉદાસીનતામાંથી મુક્ત કરવા તેમજ તેના સંયમની કસોટી કરવા ઇન્દ્રે આ નૃત્ય સમારંભ ગોઠવ્યો હતો. સમારંભ પૂરો થતાં ઇંદ્રે ઉર્વશીને પોતાની પાસે બોલાવી અને તે રાતે અર્જુનને આનંદ પ્રમોદ પમાડવા આજ્ઞા કરી. ઉર્વશીને તો જોઈતું હતું અને વૈદે કહ્યા જેવું થયું. ઇંદ્રે ન કહ્યું હોત તો પણ, અર્જુનને પોતાનો કરવા એની ઇચ્છા એવી અદમ્ય અને પ્રબળ હતી કે તે કોઈ રીતે દબાવી શકાય તેમ ન હતું. અર્જુન પર દૃષ્ટિ પડતી અને તે રૂંવે રૂંવે રોમાંચ અનુભવતી હતી. તે રાતે અનુપમ શણગાર સજી અર્જુનને ડોલાવવા ઉર્વશી તેના શયનગૃહ તરફ ગઈ. પ્રથમ તો દ્વારપાળ મારફત સંદેશો મોકલાવ્યો કે ઉર્વશી આવી રહી છે આ સંદેશો સાંભળી અર્જુનને ભારે અચંબો થયો. તેને વિચાર આવ્યો કે નૃત્ય વખતે મારા મનની વિહ્વળતા જોઈ, તે માટે ઉપાલંભ આપવા તો નહિ આવતા હશે?

પણ બીજી જ પળે તો અભિસારિકાની માફક ઉર્વશી ત્યાં પહોંચી ગઈ અને અભિવંદન કરતી બોલી : "નૃત્ય વખતે મેં તમારી દૃષ્ટિ પકડી પાડેલી અને તમારી મનોવાંછના તૃપ્ત કરવા જ મોડી રાતે તમારી સેવામાં હાજર થઈ છું. દેવલોકમાં તમને જોયા ત્યારથી જ મારા હૃદયમાં અકથ્ય વેદના થવા લાગી છે અને અત્યારે હવે એ વેદનાને શમાવવા અર્થે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ આવી છું.”

ઉર્વશીની વાત સાંભળી અર્જુન તો સ્તબ્ધ થઈ ગયો. પ્રથમ તો તેને થયું કે આ તે સત્ય છે કે સ્વપ્ન? આ સ્વપ્ન નથી પણ સત્ય છે તેની ખાતરી થતાં અત્યંત ક્ષોભપૂર્વક તેણે કહ્યું, “દેવી! આપને મારી શી સેવા કરવાની હોય? આપની સેવા કરવાનો સાચો અધિકાર તો મને છે. તમારા અંગભંગી નૃત્યે એકાદ ક્ષણ માટે મારૂં મન વિહ્વલ બન્યું એ સાચું, પણ એમાં મારી માનવ સહજ નબળાઈ જ હતી. તેથી વધુ કશું નહિ. મારી આવી સ્ખલના માટે અંતઃકરણપૂર્વક આપની ક્ષમા માગું છું, પણ કહો, હું આપની શી સેવા કરી શકું?”

ભલભલા યોગી પુરૂષો, ચક્રવર્તીઓ અને ઋષિ મુનિઓ પણ જેની ચરણરજ લેવા નીચે નમતાં, એવી ઉર્વશીને આવી વાત સાંભળી વિસ્મય થયું કે આ તે કેવો વિચિત્ર માનવ? હું જ્યારે એની સેવા અર્થે આવી છું ત્યારે સામેથી તે મારી સેવા કરવાની વાત કરે છે! આમ છતાં માર્મિક રીતે હસીને ઉર્વશીએ કહ્યું: “આપના મનોરંજન અર્થે ખુદ ઈન્દ્ર મહારાજે મને આપની પાસે મોકલી છે, અને ન મોકલી હોત તો પણ હું આવ્યા વિના ન જ રહેત.” વધુ સ્પષ્ટ રીતે સમજાવતાં ઉર્વશીએ આગળ કહ્યું: “મારા ઉત્કટ આરત હૃદયમાં તમારા માટે ન વર્ણવી શકાય એવી પ્રેમની લાગણી ઉત્પન્ન થઈ છે અને તેની તૃપ્તિ અર્થે જ આવી મોડી રાતે તમારી સમીપ દોડી આવી છું.”

અર્જુનને કહેવાનું મન તો થયું કે, માનવ લોકની દૃષ્ટિએ વિશુદ્ધ પ્રેમનો સંબંધ અનિત્ય એવા પાર્થિવ દેહ સાથે નથી હોતો, પણ શાશ્વત એવા આત્મા સાથે હોય છે. પરંતુ પછી થયું કે માનવલોકની વાતો આ વિલાસ સ્થાનમાં રહેનારા દેવોને ક્યાંથી સમજાય? એટલે વિદીર્ણ હૈયે તેણે કહ્યું: “દેવીજી! મને સમજવામાં આપની અને ઇન્દ્ર મહારાજની ભૂલ થઇ લાગે છે. આ ભૂમિમાં હું આનંદ પ્રમોદ અર્થે નહિ, પણ શસ્ત્રાસ્ત્રના અભ્યાસ અર્થે આવ્યો છું. આટલી મોડી રાતે મારા કારણે તમારે લેવી પડેલી તકલીફ માટે હું આપની ક્ષમા યાચું છું. હવે આપના યોગ્ય સ્થાને જઇ આરામ લેશો, એ જ આપણા બંનેને માટે ઉચિત ગણાશે.”

જીવનમાં આવી રીતે માનભંગ થવાનો, ઉર્વશી માટે આ પહેલો જ પ્રસંગ હતો. તેના જેવી શ્રેષ્ઠ અપ્સરા માટે આ વાત અસહ્ય હતી. તેની રગેરગમાં અપાર ક્રોધ વ્યાપી ગયો. कामात्क्रोधोऽभिजायते એ ન્યાય મુજબ ગુસ્સામાં આવી જઈ અર્જુનને શાપ આપતાં તેણે કહ્યું: “મારા જેવી અપ્સરાને પ્રેમભંગ અને માનભંગ કરવાના ફળ રૂપે, તારે પોતાને પણ સ્ત્રીઓની વચ્ચે નપુસંક જેવા થઇને નાચવાનો વખત આવશે.”

શાપ સાંભળી અર્જુન સ્તબ્ધ થઇ ગયો અને કહ્યું: “દેવીજી! આપ તો મારા માતામહીને ઠેકાણે છો અને હું તો આપનો બાળક છું. નૃત્ય સમારંભમાં એકાદ ક્ષણ માટે મારું મન વિહ્વલ થયું, પણ બીજી જ પળે મને ખ્યાલ આવી ગયો કે હું તો પુરુરવા કુળનો બાળક છું અને આપ તો તે કુળની માતા છો. આ કારણે તો તમે મારા દાદીમા છો. આપના નૃત્ય સમારંભમાં મને આમંત્રણ આપવામાં જ ઈંદ્ર મહારાજની ભૂલ થઇ છે, અને તે આમંત્રણ સ્વીકારવા માટે હું પણ જરૂર અપરાધી છું. આપનું નૃત્ય જોવામાં મારાથી ધર્મનો દ્રોહ થયો છે અને તેના ફળ રૂપે મને આ શાપ પ્રાપ્ત થયો.” અર્જુન આમ કહી ક્ષુબ્ધ હૃદયે નીચે નમી ઉર્વશીના ચરણોને વદી રહ્યો.

હવે ઉર્વશીને સાચી વસ્તુનું ભાન થયું. વાસનાને બદલે વિરક્તિ જાગી. અર્જુન પ્રત્યે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતૃપ્રેમ જાગ્યો અને તેના વહાલભર્યા હાથો, અશ્રુભીની આંખે અર્જુનના મસ્તકે ફરી વળ્યા. બહાર છૂપી રીતે આ બધું સાંભળતાં ઈન્દ્ર મહારાજે તુરત જ અંદર પ્રવેશ કર્યો અને ઇન્દ્રે અર્જુનની પીઠ થાબડતાં હસીને કહ્યું : "ધન્ય છે અર્જુન! તેં કુન્તાની કૂખ ઉજ્વલ કરી છે. નૃત્ય સમારંભમાં તને આમંત્રણ આપવામાં મેં ભૂલ નહોતી કરી, કારણ કે આ રીતે દેવલોકની સર્વશ્રેષ્ઠ અપ્સરા ઉર્વશીની એક શંકા મારે નિર્મૂળ કરવી હતી."

તે પછી, ઉર્વશી સામે જોઈ સસ્મિત કહ્યું: "દેવોની સભામાં જઇ બેસતાં પહેલાં, અમે સૌ દેવો પ્રથમ માનવલોકમાં રહેલા વિશુદ્ધ સંયમીઓને વંદન કરી પછી બેસીએ છીએ, તેની ઉચિતતા વિષે તેં શંકા બતાવેલી. તારી આ શંકા નિર્મૂળ કરવા માટે મારે આજે નૃત્ય સમારંભ ગોઠવવો પડયો. માનવ અને દેવમાં જે એક મહત્ત્વનો ભેદ છે તે એ છે કે, માનવ સંયમનું મૂર્તસ્વરૂપ છે, જ્યારે દેવ વિલાસનું. સંયમ અને વિલાસ બંને એકબીજાના વિરોધી છે, પણ સંયમ જીવના ઉત્થાનનું કારણ બને છે, ત્યારે વિલાસ જીવની અવનતિ કરે છે. આ દૃષ્ટિએ આપણે દેવો, માનવ કરતાં ઉતરતી કોટિના છીએ. અર્જુનના તારી સાથેના આજના વર્તને આ વાત સાબીત કરી આપી છે. આ કારણે જ મોક્ષ પ્રાપ્ત કરતાં પહેલાં, દેવોએ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરવો પડતો હોય છે."

વિષણ્ણ હૈયે ઉર્વશી બોલી : "આપની વાત તો સાચી, પણ મારા જ બાળકને અપાઈ ગયેલા શાપનું નિવારણ શું?"

ઈન્દ્રે હસતાં હસતાં કહ્યું : "દાદીમાનો શાપ તો બાળક માટે આશીર્વાદ રૂપ બની જાય છે. પાંડવોના વનવાસમાં છેલ્લું વર્ષ તેઓએ છૂપા રહેવું પડે તેમ છે, પણ અર્જુન જેવો વીર નર છૂપો કેવી રીતે રહી શકે? એટલે તારો શાપ એની મદદે આવશે અને એક વરસના અજ્ઞાતવાસ દરમિયાન નપુંસક તરીકે અર્જુન તેની જાતને છૂપાવી શકશે. વર્ષના અંતે તેનું પુરુષત્વ તેને ફરી પ્રાપ્ત થઇ જશે."

ઈન્દ્રની વાત સાંભળી અર્જુન અને ઉર્વશીને સંતોષ થયો અને થોડા દિવસો બાદ અર્જુન શસ્ત્રાસ્ત્રનો અભ્યાસ કરી માનવલોકમાં પાછો ફર્યો.


જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ▭ ભાવનગર ▭ ફોન નં. 4525




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવ અને માનવતા

[ તાજેતરમાં પૂજ્ય ગણિવર્ય શ્રી ભુવનવિજયજી મહારાજ લેખિત 'મંગલાચરણ'નો સુંદર ગ્રંથ નાગપુર મુકામે પ્રસિદ્ધ થવા પામેલ છે. પ્રસ્તુત ગ્રંથમાં મહારાજશ્રીએ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોનું ભારે રોચક ભાષામાં વિવેચન કર્યું છે. ગ્રંથની પ્રસ્તાવના નીચે આપવામાં આવેલી છે જેથી ગ્રંથ વિષે વાચકોને ખ્યાલ આવી શકશે. **—સંપાદક** ]

સુપ્રસિદ્ધ અને પ્રખરવક્તા પૂ. ગણીવર્ય શ્રી ભુવનવિજયજી મહારાજ રચિત 'મંગલાચરણ'નો ગ્રંથ, જેમાં માર્ગાનુસારીનું સ્વરૂપ અને પાંત્રીસ ગુણો પર ધર્મયુક્ત, મધુર, સુવાચ્ય અને સમતોલ ભાષામાં વિસ્તૃત વર્ણન આપેલ છે, જે નાગપુરના આંગણે પ્રસિદ્ધ થઇ રહેલ છે, તે વાત અત્યંત આનંદ અને ઉલ્લાસ આપે તેવી છે.

પૂ. મહારાજશ્રીના દીર્ઘકાલીન દીક્ષાપર્યાય કાળમાં તેઓએ મારવાડ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર અને દૂરદૂરના બંગાલ, ઓરિસા તેમજ મધ્યપ્રદેશમાં વિહાર કરી, જૈન તેમજ જૈનતર સમાજને ધર્મ પમાડ્યો છે અને મુમુક્ષુઓને ધર્મની સમજૂતી આપી તેમને ધર્મના માર્ગે દોરવ્યા છે.

પૂજ્ય ગણીવર્યશ્રી એક પ્રખર વક્તા, વિચારક, ચિંતક, નીડર અને પ્રભાવશાલી મુનિ છે. તેઓ જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં અનેક મંગલ કાર્યો થતા જ રહે છે ઓરિસાના કટક શહેરમાં તેમના પવિત્ર પગલે નૂતન જિનાલયની પ્રતિષ્ઠા થઇ હતી અને એ રીતે નાગપુરમાં પણ જિનાલયની પ્રતિષ્ઠા થઇ રહી છે. એમની વાણીમાં લોહચુંબક જેવું અદ્ભુત આકર્ષણ છે અને જ્યાં જ્યાં તેઓશ્રી વિહાર કરે છે, ત્યાં ત્યાં જૈન અને જૈનેતર સમાજ તેમની વાણી અને ઉપદેશ શૈલી પર મુગ્ધ બને છે. એમનો કંઠ એટલો બધો મધુર અને મીઠો છે કે તેમના ભાવવાહી સ્તવનો અને સજ્ઝાયો સાંભળવા, કદી પણ પ્રતિક્રમણ કરવા ન જનાર લોકો પણ, હોંશે હોંશે જાય છે. તેમનું વાંચન વિશાળ છે અને અનેકાંતવાદના તેઓ પ્રખર હિમાયતી છે. તેથી જ તેમના વ્યાખ્યાનોમાં જૈન દર્શનના શાસ્ત્રો ઉપરાંત ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારત, યોગવાસિષ્ઠ જેવા ગ્રંથોની વાતો સાંભળતા ચિત્ત પ્રસન્ન થાય છે અને તેમના જ્ઞાન માટે શ્રોતાઓને માન થાય છે.

જેવી અદ્ભુત વકતૃત્વ કળા તેમનામાં છે, તેવી જ તેમની કલમમાં પણ અનેરી શક્તિ છે. તેમના પ્રગટ થયેલા ગ્રંથ 'મંગલદ્વાર' 'અખંડજ્યોત' 'આત્મદર્શન' 'મોહમુક્તિ' 'તત્ત્વત્રિવેણી' 'અમીઝરણા' 'મનોવિજ્ઞાન' 'મંગલ પ્રસ્થાન' 'રસાધિરાજ' 'મહાવીરદર્શન' વગેરે ગ્રંથોમાંથી તેમની કલમની શક્તિનો ખ્યાલ આવી શકે છે. મહારાજશ્રી પોતે જ તેમના વ્યાખ્યાનો ગ્રંથસ્થ કરે છે અને એ રીતે અનેક લોકો જેઓને તેમના વ્યાખ્યાનોનો પ્રત્યક્ષ લાભ પ્રાપ્ત નથી થઈ શકતો, તેઓ પણ તેમના ગ્રંથો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકે છે. તેમના ગ્રંથોમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે, તેમની સમન્વય અને નિરૂપણ શક્તિ અદ્ભુત છે. તેમના વ્યાખ્યાનોમાં ક્યાંય ખંડનાત્મક નીતિનો ઉપયોગ થતો જોવામાં આવતો નથી. અલબત્ત જ્યાં જરૂરી હોય ત્યાં કડવી ભાષામાં પણ કડુ અને કરિયાતાના મિશ્ર ઉકાળા રૂપે શ્રોતાજનોને પિવરાવે છે. માતાને પોતાનું બાળક અત્યંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રિય હોય છે, તેથી જ તેને તંદુરસ્ત રાખવા હંમેશા કડવું ઔષધ પિવરાવતી હોય છે અને તેવું જ પૂજ્ય મહારાજશ્રીની બાબતમાં લોકો ધર્મના પંથે જાય તે જ એક તેમની માત્ર ઇચ્છા છે. આ કારણે જ તેઓશ્રી શ્રોતાજનોને સમયોચિત અમૃતરૂપી કડવું ઔષધ પણ આપે છે.

પ્રસ્તુત ગ્રંથનું નામ 'મંગલાચરણ' છે જે બહુ સમજ પૂર્વક પસંદ કરવામાં આવ્યું છે. જેનાથી કલ્યાણ અથવા હિત સધાય છે, તેને મંગલ કહેવાય છે. આચરણ શબ્દનો અર્થ 'ચારિત્ર' થાય છે. આ રીતે 'મંગલાચરણ'નો અર્થ કલ્યાણકારી ચારિત્ર એવો થાય છે. આ ગ્રંથમાં જે ઉપદેશનો ભંડાર ભર્યો છે, તે જોતાં ગ્રંથનું નામ બધી રીતે યથાર્થ જ છે. કલ્યાણકારી ચારિત્રની શરૂઆત માર્ગાનુસારી જીવનથી થાય છે માર્ગને અનુસરે અર્થાત્ સાચા માર્ગે ચાલે તેને માર્ગાનુસારી કહેવાય છે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે તેમના યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશમાં માત્ર દશ ગાથામાં માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોની વાત મુક્તાફળની માળાના મોતીની માફક ગૂંથી દીધી છે. તે ઉપર મહારાજશ્રીએ વિદ્વત્તાપૂર્ણ જે વ્યાખ્યાનો આપ્યા છે, તેનો પ્રસ્તુત ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો પર મહારાજશ્રીએ એવું વિશદ અને વિસ્તૃત વર્ણન કર્યું છે કે, જૈન ધર્મનો કક્કો આરાખડી ન જાણનારને પણ આમાંથી પૂરતી સામગ્રી મળી રહે છે. જૈન ધર્મના પાયાનું જ્ઞાન આ ગ્રંથમાંથી મળી રહે તેવું છે. ગ્રંથનો ઉપદેશ કોઈ પણ વાચકને ધર્મ અને સદાચારના માર્ગે લઈ જાય છે એ આ ગ્રંથની એક અનોખી ખૂબી છે.

માનવ જન્મ પ્રાપ્ત થવા છતાં જો માનવતા પ્રગટ ન થાય તો તે પ્રાપ્ત થવાનો સાચો લાભ મળી શકતો નથી. અનેક વખત મનુષ્ય યોનિમાં આપણે જન્મ લઇ લીધો હોવા છતાં આપણા જન્મમરણના ચક્કરનો અંત આવ્યો નથી એ હકીકત છે. એટલે અનેકવાર મનુષ્ય જન્મ લેવા છતાં આપણા જીવનની સાધના સાચા માર્ગે નથી થવા પામી. જૈનધર્મ મનુષ્ય દેહ કરતાં મનુષ્યત્વ ઉપર જ વધુ ભાર મૂકે છે. ભગવાન મહાવીરે પણ પોતાની અંતિમ દેશનામાં કહ્યું જ છે કે माणुस्सं खलु दुल्लहं અર્થાત્ હે ભવ્ય જીવો! મનુષ્યત્વ પામવું એ જ દુર્લભ છે. ઉત્તરાધ્યયન સૂત્ર (અ ૭–૧૬)માં કહ્યું છે કે મનુષ્યત્વ એ મૂળ મૂડી છે અને દેવગતિ એ લાભ છે, એ મૂળનો નાશ થવાથી જીવો નારક અને તિર્યંચ તરીકે ઉત્પન્ન થાય છે. આવું મનુષ્યત્વ ક્યારે પ્રાપ્ત થાય તે સંબંધમાં પણ ભગવાને કહ્યું છે કે (ઉત્તરા. અધ્ય. ૩–૭) "અનેકાનેક યોનિઓમાં ભયંકર દુઃખો ભોગવતાં ભોગવતાં જ્યારે કોઇવાર અશુભ કર્મો ક્ષીણ થાય છે અને આત્મા શુદ્ધ નિર્મળ બને છે ત્યારે તે મનુષ્યત્વને પામે છે." માનવતા–મનુષ્યત્વ પ્રાપ્ત કરવા માટેની પ્રથમ ભૂમિકા મહારાજશ્રીએ આ ગ્રંથમાં સમજાવેલ છે. વાંચકો સહેલાઈથી સમજી શકે અને તદનુસાર આચરણ કરવા પ્રેરણા મળે, એવી દીર્ઘ દૃષ્ટિથી મહારાજશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાંના વ્યાખ્યાનો અત્યંત સરળ અને સુગમ્ય ભાષામાં પ્રસંગને અનુરૂપ એવા ઉચિત દૃષ્ટાંતો સાથે આપેલાં છે. સમજપૂર્વક જો આ બધા વ્યાખ્યાનો વાંચવામાં આવે તો મને ખાતરી છે કે માણસના જીવનમાં પરિવર્તન થયા વિના ન જ રહે.

માર્ગાનુસારીના ગુણોમાં સૌથી પ્રથમ સ્થાન 'ન્યાય સંપન્ન વિભવ'નું છે યથા बीजं तथा निष्पत्तिः જેવું બી તેવું ફળ. પોતાની સંપત્તિ ન્યાય પૂર્વકની પેદા કરેલી હોવી જોઇએ. આ વાત કેટલી બધી મહત્ત્વની છે તે તો તેના પર પોણોસોથી વધુ પાનામાં મહારાજશ્રીએ વિવેચન કર્યું છે, તે પરથી જ સમજી શકાય તેવું છે. મહારાજશ્રીએ સ્પષ્ટ કહ્યું છે કે "વિશ્વાસુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે વિશ્વાસઘાત કરીને તેના દ્રવ્યનું અપહરણ કરવું અથવા ચોરીથી ધન ભેગું કરવું એ બધા નિંદનીય ઉપાયો છે. અર્થાર્જનના માર્ગમાં જો નીતિનું પાલન ન હોય તો પુરૂષાર્થ નહીં પણ એક પ્રકારની લૂંટ કહી શકાય."

દ્યૂત હાર્યા પછી પાંડવો જંગલમાં ગયા ત્યારે ભીમ અને અર્જુનની ગેરહાજરીનો લાભ લઈ જટાસુર રાક્ષસ મેલા ઇરાદાથી દ્રૌપદી, યુધિષ્ટિર, સહદેવ અને નકુળનું છળકપટ કરી હરણ કરી ગયો. એ વખતે યુધિષ્ટિરે તે રાક્ષસને કહેલા શબ્દો બહુ યાદ રાખવા જેવા છે. યુધિષ્ટિરે કહેલું, "હે રાક્ષસ! તું માને છે કે તું અમારૂં હરણ કરી રહ્યો છે, પણ હકીકત તો એ છે કે તારા ધર્મનું હરણ થઇ રહ્યું છે અને તેનું તને ભાન નથી" પારકાની સંપત્તિને હરવા માટે લોકો અનેક જાતની રમતો, છળકપટ કરે છે, આવા સૌને અહિં ચેતવવામાં આવ્યા છે કે મૂર્ખાઓ! તમે એમ માનો છો કે તમે મૂલ્યવાન વસ્તુઓનું હરણ કરીને શ્રીમંત થઇ રહ્યા છો, પરંતુ વાસ્તવિક હકીકત તો એ છે કે સૌથી મૂલ્યવાન એવો જે 'ધર્મ' તેનું તમારા જીવનમાંથી હરણ થઈ રહ્યું છે. અન્યાય, અનીતિ અને પાપના માર્ગે પ્રાપ્ત કરેલું ધન તો તેના ઉપાર્જન કરનારે અહિં જ મૂકીને વિદાય થવાનું છે, પણ તેનાં ફળ તો તેને અવશ્ય ભોગવવાં જ પડે છે. ધર્મશાસ્ત્રો તેથી કહે છે ધર્મ તજીને જે માણસ અર્થને સેવે છે, તે આ જન્મે તો ભ્રષ્ટ થાય છે પણ તેનો પરલોક પણ બગડે છે.

વર્તમાન કાળના ધનવાન લોકોનું ચિત્ર રજૂ કરતાં મહારાજશ્રીએ સાચું જ કહ્યું છે કે, "આજે તો જ્યાં સોનું, ચાંદી અને હીરા માણેક છે, ત્યાં દરોડા જ પડે છે. રાખીને બેઠા હોય તેને ચિંતાનો પાર નહીં, એટલે સોના કે ચાંદીમાં સુખ છે એ તો એક પ્રકારની ભ્રમણા જ છે. ખરૂં સુખ તો જ્ઞાન ને ધ્યાનની રમણતામાં જ છે. એ સત્ય માનવીને સમજાશે તે દિ દિલની દુનિયાના દ્વાર ખૂલી જશે." થોડા શબ્દોમાં પણ કેવી સુંદર વાત તેઓશ્રીએ કહી દીધી છે! વિવેકશીલની વ્યાખ્યા કરતાં ઉત્તરાધ્યયન સૂત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે लब्धे कामेण पत्थेजा विवेगे एग्वमाहिए અર્થાત્ પ્રાપ્ત થયેલા કામભોગોમાં પણ વિવેકીને ઈચ્છા થતી નથી. શાળીભદ્ર, ધન્નાજી, સ્થૂલીભદ્રને રિદ્ધિસિદ્ધિની શી કમીના હતી? છતાં તેઓ બધું છોડી ત્યાગના પંથે ગયા. ત્યારે આજના મૂર્ખ લોકો પેલું કૂતરૂં હાડકાં પાછળ ગાંડુ બને છે તેમ રિદ્ધિસિદ્ધિની પાછળ દોડે છે.

સમૃદ્ધિ અને વિપુલ ધનથી માણસ સુખ પ્રાપ્ત કરી શકે છે એવું માનવું એ તો મૂર્ખાઇની પરાકાષ્ટા છે. અમેરિકા આજે જગતનો સૌથી વધુ સમૃદ્ધિશાળી દેશ છે અને જગતના કોઈ પણ દેશ કરતાં ત્યાં જ પાગલ લોકોની સંખ્યા વધુમાં વધુ છે. ગાંડા લોકોની હોસ્પીટલો વધુમાં વધુ ત્યાં જ છે. ધન પ્રાપ્ત કરી કામભોગો સેવવાની ઇચ્છા રાખતા લોકો, કામભોગના અર્થને પણ સમજતા નથી. કામભોગની ઇચ્છાથી વ્યાપ્ત થયેલા જીવને, ધર્મ માર્ગમાંથી ઉત્ક્રમણ કરાવે છે (उक्कामयंति) તેથી જ તો તેને 'કામ' કહેવાય છે. પંડિતજનોએ તેનું બીજું નામ 'રોગ' જ આપ્યું છે. રોગ એ ભોગનો પર્યાય શબ્દ છે. સત્તા સમૃદ્ધિ અને ભોગોની નશ્વરતા અને પામરતા સમજ્યા બાદ જંગલમાં ચાલી જનાર ભર્તૃહરિ જેવા મહાન રાજવીને પણ કહેવું પડ્યું છે કે, भोगा न भुक्ता वयमेव भुक्ता અર્થાત્ અમે ભોગોને નથી ભોગવ્યા, પણ ભોગોએ અમને ભોગવ્યા છે. (અસમર્થ, ક્ષીણશક્તિવાળા બનાવી દીધા છે) આ કોઈ દંતકથા નથી, હકીકત છે. આ બધું સમજાઇ જાય તો પછી ધન પાછળ કોણ પાગલ બને? મહારાજશ્રીએ સાચું જ કહ્યું છે કે, "ધતૂરામાં જે માદકતા છે, તે કરતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુવર્ણમાં સો ગણી માદકતા વધારે છે. ધતૂરો ખરીદીને ઘરમાં રાખવા માત્રથી માદકતા આવતી નથી, જ્યારે સોનું તો પ્રાપ્ત કરવા માત્રથી માનવી ઉન્મત્ત બને છે” જગતના એક મહાન કવિ શેકસપિયરે પણ આવી જ વાત કરતાં કહ્યું છે કે, “સોનું એ માનવના આત્મા માટે ખરાબમાં ખરાબ વિષ છે. દુઃખથી ભરેલી આ દુનિયામાં બીજા કોઈ પણ ઝેર કરતાં, ધનનું ઝેર વધારે ખૂનોનું નિમિત્ત બને છે”

માર્ગાનુસારીનો બીજો ગુણ ‘શિષ્ટાચાર પ્રશંસક છે.’ લોકાપવાદથી ડરતા રહેવું. જે જે કાર્યો કરવાથી આપણી પર લોકાપવાદ આવે તેવા લોક વિરૂદ્ધ કાર્યોનો પહેલાથી જ સમજીને પરિત્યાગ કરવો.

‘ગૃહસ્થ જીવનમાં વૈવાહિક મર્યાદા’ એ ત્રીજો ગુણ છે. દાંપત્ય જીવનમાં કુળ અને શીલની સમાનતા ન હોય તો વિડંબના ઊભી થાય છે એ વાત સતી સુભદ્રાના દૃષ્ટાંતથી અત્રે સમજાવવામાં આવી છે. લગ્ન જીવનનો અંતિમ હેતુ ભોગ નહીં, પણ ભોગમાંથી મુક્તિનો છે. આજના યુવાનો સ્ત્રીના ગુણો કરતાં તેના રૂપ સૌંદર્યને વધુ મહત્વ આપે છે એવી ટકોર મહારાજશ્રીએ સમયોચિત જ કરી છે રૂપ એ માટે કહેવાય છે કે તે (રૂપ્પતિ) વિકૃત થઈ જાય છે રૂપ તો ગધેડાઓમાં પણ હોય છે, પરંતુ મહત્તા રૂપની નથી પણ ગુણની છે લગ્ન માટેના રૂપ પિપાસુ ઉમેદવારોએ ભર્તૃહરિનું भार्या रुपवति शत्रू: સૂત્ર યાદ રાખવુ જરૂરી છે.

ચોથો અને પાંચમો ગુણ અનુક્રમે ‘પાપભીરુતા’ અને ‘દેશાચારનું પાલન’ છે. મહારાજશ્રીએ સાચી જ રીતે અહિં બાહ્ય વૈભવ કરતાં પણ અંતર વૈભવનું મૂલ્યાંકન વધુ કર્યું છે. નિઃશલ્ય, નિઃકષાય અને નિર્વૈર આત્માની ગુણશ્રેણી ઉત્તરોત્તર વૃદ્ધિને પામે. સૂયગડાંગ સૂત્રનો એક શ્લોક ટાંકી મહારાજશ્રીએ સમજાવેલ છે કે, નગ્ન શરીરે જંગલમાં એકાકી રહેતો હોય, માસ ક્ષમણને પારણે અન્ન ગ્રહણ કરતો હોય, છતાં પણ મનમાં જો માયારૂપી શલ્ય રહી ગયું હોય, તેવા જીવને પણ અનંતીવાર ગર્ભવાસમાં જવું પડે છે. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ પાંચમો ગુણ છે. વેષભૂષામાં સાદાઈની માફક ભોજનમાં પણ સાત્ત્વિકતા હોવી જોઈએ. આહાર શરીરના નિર્વાહ માટે લેવાનો છે, શરીરના રૂપ, રંગ કે વિષય વાસનાની તૃપ્તિ અર્થે લેવાનો નથી.

મહારાજશ્રીએ મૃત્યુ પામનારની પાછળ રોવા કૂટવાના રિવાજની અત્રે કડક ટીકા કરી છે અને મૃત્યુ આત્માનું નથી થતું પણ માત્ર દેહનું જ થાય છે એ વાત યથાર્થ રીતે સમજાવી છે. આત્મા પોતાનું જીર્ણ દેહરૂપી નિવાસસ્થાન છોડી, નવા નિવાસસ્થાન રૂપી દેહમાં પ્રવેશ કરે, એનું નામ મૃત્યુ. શ્રી પદ્મનન્દ્યાચાર્ય વિરચિત ‘અનિત્ય પંચાશત’માં આચાર્યશ્રી કહે છે કે (શ્લોક-૨૭) “ઇષ્ટજનોના મૃત્યુ પ્રસંગે અતીવ અફસોસ કરવાથી ભારે અશાતા વેદનીય કર્મ બંધાય છે, પછી તેની સેંકડો દુઃખદાયી શાખાઓ, ખેતરમાં રોપેલા નાનકડા વટવૃક્ષના બીજમાંથી વિસ્તરેલ શાખા–પ્રશાખાદિની જેમ પ્રસરે છે. માટે શોક પ્રયત્નપૂર્વક તજવો જોઈએ.” ચક્રવર્તીની સામ્રાજ્ઞી શ્રીદેવી ચક્રવર્તીના વિયોગથી માત્ર છમાસ વિલાપ કરે છે અને દુર્ધ્યાન સેવે છે. જેના ફળ સ્વરૂપે તેને છઠ્ઠી નરકમાં જવુ પડ્યું. દરેક સંયોગનો અંત વિયોગમાં જ પરિણમે છે. પ્રિયજનના વિયોગનું દુઃખ જરૂર થાય, તેની વેદના પણ અસહ્ય હોય, પરંતુ આ બધાના પરિણામે માણસમાં વૈરાગ્ય જાગૃત થવો જોઈએ. તત્ત્વાર્થ સૂત્રમાં (અધ્ય. ૭–૭) કહ્યું છે કે जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् । અર્થાત્ જગતનો અને શરીરનો સ્વભાવ ચિંતવવો, જેના કારણે જીવનમાં સંવેગ અને વૈરાગ્યનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવિર્ભાવ થાય છે. ઉપાધિયોગને પણ સમાધિ યોગમાં ફેરવતા શીખી લેવું જોઇએ. માનવ જાતને જે દુઃખ, આઘાત, વેદના સહેવા પડે છે એટલા માટે કે એ દ્વારા તે વધુ સુંદર અને વધુ પવિત્ર બને. બાકી રાગ અને દુઃખ એ તો એક જ સિક્કાના બે પાસા છે. દુઃખથી મુક્ત રહેવા ઇચ્છનારે રાગ અને મોહથી પણ દૂર જ રહેવું ઘટે.

'પરનિંદા મહાપાપ' (પાન ૧૪૮) આ અંગે મહારાજશ્રીએ સાચું જ કહ્યું છે કે નિંદા, ગર્હા અને આલોચના તો સ્વઆત્માની હોય– અન્યની નહીં. "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હું" એવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય તો એવો માણસ પછી અન્યની નિંદા ન જ કરે. અન્યની નિંદા કરનાર એવું કર્મ બંધ કરે છે કે જેના ફળસ્વરૂપે નીચ ગોત્ર પ્રાપ્ત થાય છે. કોઇના દુર્ગુણ કે નિંદાની જે વાતો કરે છે, તેનામાં જ કાંઈ ખામી રહેલી હોવી જોઇએ. એક સુભાષિતમાં કહ્યું છે કે यादृशः पुरुषस्यात्मा तादृशंःसं प्रभाषते અર્થાત્ જેવો પુરૂષનો આત્મા, તેવા તેના બોલ, 'સંગ તેવા રંગ' (પાન ૧૬૭) આ ગુણ વિષે રાજહંસ અને કાગડાનું દૃષ્ટાંત આપી મહારાજશ્રીએ ઉત્તમ રીતે સમજાવેલ છે. માતાપિતાની માત્ર સેવા જ નહીં પણ તેના પૂજક બનવું એ નવમો ગુણ છે. ઉપદ્રવયુક્ત સ્થાનેથી દૂર રહેવું એ દશમો ગુણ છે. નિંદિત કાર્યોમાં ન પ્રવર્તવું એ અગિયારમો ગુણ છે. આવકને અનુસાર વ્યય કરવો એ બારમો ગુણ છે. એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે He is rich who owes nothing. જેને કોઈનું દેવું નથી એ શ્રીમંત છે. માણસે પોતાનો વેષ વિત્તાનુસાર રાખવો એ તેરમો ગુણ છે. બુદ્ધિના આઠ ગુણોનું વર્ણન તેમજ ધર્મશ્રવણનો સમાવેશ ચૌદમા અને પંદરમા ગુણમાં થાય છે. અજીર્ણે ભોજનના ત્યાગની વાત તેમજ પથ્ય ભોજન સેવનની વાત સોળમા ગુણમાં આવે છે. ધર્મ, અર્થ અને કામ ત્રણે પુરૂષાર્થ સાધવાની રીત સત્તરમા ગુણમાં બતાવેલ છે. ધર્મને પ્રથમ સ્થાન એ માટે આપેલું છે કે અર્થ અને કામ પણ ધર્મયુક્ત જ હોવા જોઇએ ધર્મને તજી જે અર્થ કામ સેવે છે તેના આ લોક તેમજ પરલોક બંને બગડે છે. તે પછી 'અતિથિ સત્કાર' ગુણની વાત કરવામાં આવી છે. ઉપનિષદ કહે છે કે अतिथिदेवो भव અતિથિ દેવ તુલ્ય છે. પુણીયો શ્રાવક રોજ પુણીઓ બનાવતો અને જે મામુલી આવક થતી તેમાંથી પણ રોજ એક સહધર્મી બંધુને જમાડતો. એક દિવસે પોતાને ઉપવાસ હોય, બીજે દિવસે તેની સહધર્મચારિણીને ઉપવાસ હોય, પણ અતિથિ સત્કાર તો હર હંમેશ. કોઇએ સાચું જ કહ્યું કે વિલાસના માર્ગે ખર્ચેલા પૈસા પથ્થરનું ઘંટીનું પડ બની ગળે વળગે છે, જ્યારે પરોપકાર અર્થે ખર્ચેલ દ્રવ્ય માનવીને દેવદૂત જેવી પાંખો આપે છે. આપણે ત્યાં જે શ્રાવકના બાર વ્રતોની યોજના છે, તેમાં બારમું વ્રત પણ સંવિભાગ વ્રત જ છે, કદાગ્રહથી દૂર રહી ગુણના પક્ષપાતી થવું એ ઓગણીસમો ગુણ છે. અનેકાંતવાદમાં માનવાવાળો માણસ કદાપિ કદાગ્રહી કે હઠાગ્રહી ન જ થઇ શકે. પ્રતિષિદ્ધ દેશકાલ ચર્યાનો પરિહાર કરવાપૂર્વક બલાબલના જાણકાર બનવું એ વીસમો ગુણ છે. તે પછી અન્ય ગુણો પર વિવેચન કરી મહારાજશ્રીએ 'લજ્જા યુક્ત અને દયાળુ' એ ગુણ પર વિવેચન કર્યું છે.

આ ત્રીસમો ગુણ વર્તમાન જગતના લોકો માટે બહુ ઉપયોગી અને સમજવા જેવો છે. લજ્જાને ગુણ સમૂહને જન્મ આપનારી જનેતાની ઉપમા મહારાજશ્રીએ આપેલ છે તે યથાર્થ છે. જેનામાં લજ્જા, શરમ નથી એવા માણસ અને પશુમાં વધુ તફાવત નથી. એક દૃષ્ટિએ તો આવો માણસ પશુ કરતાં પણ બદતર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પશુઓમાં વિવેક કે વિચાર શક્તિ નથી એટલે તે ગમે તેમ વર્તે તેમ સમજી શકાય, પણ માણસમાં તો આ શક્તિ છે અને છતાં તે બેશરમ પૂર્વક વર્તે તો તે માણસના રૂપમાં માત્ર હેવાન જ છે.

દમયંતીના સ્વયંવરમાં તેના અલૌકિક રૂપની પ્રશંસા સાંભળી તેને વરવા માટે ઇંદ્ર, અગ્નિ, વરૂણ અને યમ ચારે દેવ પધાર્યા હતા. દમયંતી નળને જ વરવાની છે તેની જાણ થતાં ચારે દેવો આબેહૂબ નળરાજાનું સ્વરૂપ લઇ નળની સાથે જ ઊભા રહ્યા. વરમાળા લઈ દમયંતી ત્યાં આવી ત્યારે એકને બદલે પાંચ નળોને ઊભેલા જોઇ તે સ્તબ્ધ બની ગઇ. એ ચતુર સ્ત્રી તરત જ ચેતી ગઇ કે આ બધી માયા દેવો દ્વારા થઇ છે. યુક્તિપૂર્વક તેણે તેના ઉરપ્રદેશ પરથી સાડીનો છેડો સરકવા દીધો, જે જોઈ શરમ લજ્જાથી સાચો નળ નીચું જોઇ ગયો. દેવો બધાની માફક દમયંતીનું રૂપ અનિમિષ દૃષ્ટિએ જોઇ રહ્યા. આ રીતે દમયંતીએ સાચા નળને ઓળખી લઈ તેના ગળામાં વરમાળા આરોપી. લજ્જા અને શરમનો ગુણ તો મનુષ્યને દેવથી પણ મહાન બનાવે છે.

આ પછી અન્ય ગુણોપર વિવેચન કરી મહારાજશ્રી એ 'અંતરંગ શત્રુઓનો પરિહાર' અને 'ઈન્દ્રિય સંયમ'ના છેલ્લા બે ગુણોપર રોચક ભાષામાં વિવેચન કર્યું છે. આપણા દુશ્મનો બહાર નથી પણ આપણી અંદર જ બેઠેલા છે. ક્રોધ, માન, માયા અને લોભ તેમજ તેનો પરિવાર એ જ આપણા દુશ્મનો છે અને પાપ કર્મને વધારનારા છે. આ સમગ્ર સંસાર કુરૂક્ષેત્રના યુદ્ધના મેદાન જેવું છે, પણ ત્યાં આપણે કૌરવ પાંડવોની માફક ખતરનાક યુદ્ધ લડવાનું નથી, આપણે યુદ્ધ તો આપણી જાત સાથે, આપણી ભૂલો કુટેવો અને સ્ખલનાઓ સામે કરવાનું છે. આ યુદ્ધમાં જ્યારે આપણી સંપૂર્ણ જીત થશે ત્યારે જન્મ મરણના ચક્કરમાંથી આપણે સદા માટે મુક્ત થશું. ભગવાન મહાવીરે તેથી કહ્યું છે इमेण चेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ? जुद्धारिहं खलु दुल्लभं। (આચારાંગ ૫-૧૫૩) અર્થાત હે ભાઈ! તારી જાત સાથે યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મેળવી દુર્લભ છે.

સૌથી છેલ્લો પણ સૌથી વધુ મહત્ત્વનો ગુણ 'ઇન્દ્રિય સંયમ' છે. આ ગુણ વિષે મહારાજશ્રીએ ગ્રંથમાં પારદર્શક વર્ણન કરેલું છે. વેદ ઉપનિષદમાં ઋષિઓએ આત્માને ઇન્દ્રની ઉપમા આપી છે અને ઇન્દ્રિયોને ઇન્દ્રાણીઓની ઉપમા આપી છે. इन्द्रो वै आत्मा ગૃહસ્થાશ્રમમાં જેમ આજે પતિદેવો પર પત્નીઓનું વર્ચસ્વ જોવામાં આવે છે, તે જ રીતે સંયમના અભાવે ઈન્દ્રિયો માણસને ફાવે તેમ નચાવે છે. માલિક સેવક બની ગયો છે અને સેવકો માલીક બની બેઠા છે જે ભોગોને જીવોએ અનંતીવાર ભોગવીને છોડી દીધેલા છે અને જેનો ધીર પુરૂષોએ ત્યાગ કરેલો છે એ જ ભોગો પાછળ માણસ પાગલ બનીને દોડે છે. એ પણ એક અજાયબી જ છે ને? ઉત્તરાધ્યયન સૂત્ર (અ. ૯-૫૩)માં કહ્યું છે કે "કામભોગો શલ્ય છે, કામભોગો વિષ છે અને કામભોગો ઝેરી નાગ જેવા છે. કામભોગોની ઈચ્છા કરતા જીવો તેને પામ્યા વિના જ દુર્ગતિમાં જાય છે." આવા કામભોગોની પાછળ પડનાર માણસ મૂર્ખ નથી તો બીજું શું છે? અગ્નિમાં એક પછી એક ઈંધણ નાખવાથી અગ્નિ જેમ વધુ અને વધુ પ્રજ્વલિત થતો જાય છે, તેમ જ. જેમ ભોગો ભોગવવામાં આવે, તેમ તેમ ભોગોની ભૂખ વધતી જ જાય છે, તેથી જ તો ભોગને રોગ કહેવામાં આવે છે.

જીવન શુદ્ધિની પ્રાથમિક ભૂમિકા સમજાવ્યા બાદ ગ્રંથને અંતે પરિશિષ્ટમાં ધ્યાન યોગ વિષે મહરાજશ્રીએ સરસ માહિતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સમજુતી આપેલ છે. મહારાજશ્રીનો મૂળ આશય લોકોને આર્તધ્યાનના માર્ગે જતા બચાવવાનો છે. સાધના માત્ર તનથી જ થઈ શકે તેવું નથી, મનથી પણ થઈ શકે છે. ભગવાનને પારણું કરાવવાની જીર્ણશેઠને તીવ્ર ઇચ્છા હતી. એ ઈચ્છા બર ન આવી છતાં મનથી–ભાવથી એવી ઉત્તમ સાધના થવા પામી કે તેને ઉચ્ચ દેવલોક પ્રાપ્ત થયો. શરીર અશકત કે નકામું થતાં નિરાશ કે હતાશ થવાની જરૂર નથી. સાધના મન દ્વારા પણ થઈ શકે છે. આ રીતે અશક્ત બને નબળા થઇ ગયેલા લોકોને પણ મહારાજશ્રીએ આશાનો માર્ગ બતાવ્યો છે. ધ્યાનના સોળે પ્રકારોપર સાદી અને સચોટ ભાષામાં મહારાજશ્રી વિદ્વત્તાપૂર્ણ વિવેચન કરેલું છે. મનનો નિગ્રહ થાય તો ચિત્તસમાધિનો લાભ અવશ્ય પ્રાપ્ત થાય. આ રીતે આ અપૂર્વ ગ્રંથ પાછળ મહારાજશ્રીની ભાવના અને ધ્યેય માણસ મનુષ્યત્વ પ્રાપ્ત કરી આત્માનો વિકાસ કરી શકે અને તે માર્ગે જઈ મહર્ષિ, પરમર્ષિ અને અંતે કર્મ મુક્ત બને તે જ છે.

મહારાજશ્રીમાં વકતૃત્વ તેમ જ લેખન કળનો સુંદર સમન્વય થયો છે. તેથી હું ધારૂં છું કે મહારાજશ્રીની અદ્‌ભુત શક્તિનો લાભ જૈન અને જૈનેતર સમાજને મળ્યા કરે,

પૂ. મહારાજશ્રી સાથે એમના શાંત અને વિનીત શિષ્ય શ્રી યશોવિજયજી મુનિ છે. તેઓ અત્યંત શાંત પ્રકૃતિના અને વિનમ્ર છે ગુરુશિષ્યની આવી જોડી કવચિત્ જ જોવામાં આવે છે. આત્મ કલ્યાણની સાધનાની સાથે સાથે અનેક જીવોને બોધ પમાડવા શાસનદેવ તેઓને તંદુરસ્ત દીર્ઘાયુ આપે એજ અભ્યર્થના !

અંતમાં પૂ મહારાજશ્રીએ આવા અમૂલ્ય ગ્રંથની પ્રસ્તાવના લખવાની તક આપી મને ઉપકૃત કર્યો છે. માટે અંતઃકરણપૂર્વક હું તેમનો આભાર માની વિરમું છું.

—'મંગલાચરણ'ની પ્રસ્તાવના

“ બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત
ખુદ આપણને આનંદ આપે છે. ”

લોખંડ
ના
ગોળ અને ચોરસ સળીયા
પટ્ટી તેમજ પાટા
વિગેરે મળશે
ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન
ઓફીસ ૫૬૫૦ ૩૨૧૯
રેસીડેન્સ ૪૫૫૭ ૫૫૨૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધી માસ્ટર સિલ્ક મિલ્સ પ્રાઇવેટ લિ.
## ભાવનગર

સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો

- ટેરીવીસ્કોસ શર્ટીંગ
- ટેરીવીસ્કોસ સાડી
- ટાફેટા
- બ્રોડકેઝ
- ગોલ્ડસીલ્વર
- સાટીન પ્યાસ
- પરમેટો
- એસોટેડ સાટીન ફલાવર વગેરે

માસ્ટર ફેબ્રીકસ વાપરો
તે વાપરવામાં ટકાઉ છે

માસ્ટર મીલની ઉપરની બધી જાતો માસ્ટર મીલની રીટેઇલ શોપમાંથી મળશે

સ્થળ : માસ્ટર મીલ પાસે માસ્ટર મીલ રીટેઇલ શોપ

: મેનેજીંગ ડીરેકટર :

રમણીકલાલ ભોગીલાલ શાહ

તાર : MASTERMILL ફોન : ૩૨૪૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સામાચાર સંચય

## ઊંઝાનગરે ઉજવાયેલ શાંતિ સ્નાત્ર સહ અઠ્ઠાઇ મહોત્સવ

ઊંઝા ફાર્મસીવાળા સ્વ. શાહ ભોગીલાલ નગીનદાસની વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે શાંતિ સ્નાત્ર સહ અઠ્ઠાઈ મહોત્સવ ફાગણ સુદ ૭ સોમવારના રોજ કુંભ સ્થાપના કરી શરૂ કરવામાં આવેલ હતો. ફાગણ સુદ ૧૦ પાટલા પૂજન, ફાગણ સુદ ૧૧ વરઘોડો અને ફાગણ સુદ ૧૩ શાન્તિ સ્નાત્ર ભણાવવામાં આવેલ. દરરોજ પૂજા–ભાવના પ્રભાવના સહ ઊંઝા ફાર્મસીના કમ્પાઉન્ડમાં સુશોભિત મંડપમાં ભક્તિપૂર્વક ઉપાધ્યાય મહારાજશ્રી ધર્મસાગરજીની નિશ્રામાં ઉજવાયેલ. પૂર્ણાહુતિ ફાગણ સુદ ૧૫ના થયેલ. આ પ્રસંગોનો શ્રીસંઘે સારા ઉત્સાહપૂર્વક લાભ લીધેલ.

## પરમ પૂજ્ય આત્મારામજી મહારાજની જન્મ જયંતિ

પરમ પૂજ્ય ગુરુદેવ આત્મારામજી (આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજ સાહેબનો ૧૪૦મો જન્મ દિન આ સભા તરફથી સં. ૨૦૩૨ના ચૈત્ર સુદી ૧ બુધવારના રોજ રાંધનપુર નિવાસી શેઠશ્રી સાકરચંદ મોતીલાલભાઇના સહકારથી સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી શત્રુંજય ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે ત્યાં નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા. આ સભા સદોનું બપોરના સ્વામિવાત્સલ્ય યોજવામાં આવ્યું હતું અને સાધુ સાધ્વીજી મહારાજની ભક્તિનો પણ સારામાં સારો લાભ લીધો હતો.

## પેટ્રન સાહેબોને વિનંતી

પારેખ ચુનીલાલ દુર્લભજી તરફથી શ્રી રતિલાલ દી. દેસાઈ લિખિત 'ગુરુ ગૌતમસ્વામી' નામનું પુસ્તક પેટ્રન સાહેબોને ભેટ મોકલવા માટે મળ્યું છે, તો જે પેટ્રન સાહેબોને આ પુસ્તક જોઇતું હોય તેમણે પોસ્ટેજ તથા પેકીંગ ખર્ચના રૂા. ૨–૭૫ પૈસાના પોસ્ટેજ સ્ટેમ્પસ સભાના સરનામે મોકલવા જેથી પુસ્તક મોકલી શકાય.

—મંત્રીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અગત્યના સમાચારો

## અભિનંદન
## ભારત સરકારનું પારિતોષિક મેળવતા શ્રી કુમારપાળ દેસાઇ

ગુજરાત સમાચારની અત્યંત લોકપ્રિય કોલમ 'ઈંટ ઈમારત'ના લેખક તેમજ ગુજરાત સમાચાર અને ઝગમગના 'રમત વિભાગ'ના સંપાદક તેમજ ભાવનગર તથા અમદાવાદની અનેક સામાજિક તેમજ સાહિત્યિક સંસ્થાના સક્રિય કાર્યકર શ્રી કુમારપાળ દેસાઇને ભારત સરકાર તરફથી તેમના હસ્તલિખિત પુસ્તક **"મોતીની માળા"** માટે એક હજાર રૂપિયાનું **પારિતોષિક** એનાયત થયું છે ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ ખાતા તરફથી યોજાયેલી અઢારમી નવશિક્ષિતો માટેના સાહિત્યની સ્પર્ધામાં તેમને આ ઈનામ એનાયત કરવામાં આવ્યું છે. તેમને અમારા હાર્દિક અભિનંદન.

---

## સભાની કેળવણી વિષયક પ્રવૃત્તિઓ
## સુવર્ણ ચંદ્રક : રૌપ્ય ચંદ્રક : આર્થિક સહાય

શ્રી આત્માનંદ સભાની કારોબારી સમિતિના ઠરાવ મુજબ આ વર્ષે શહેર ભાવનગરની હાઇસ્કૂલોમાંથી પરીક્ષા આપી જુની S.S.C.માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને શ્રી કાન્તિવિજયજી સ્મારક ફંડના વ્યાજમાંથી સુવર્ણ ચંદ્રક અપાશે, અને દ્વિતીય આવનારને શેઠ દેવચંદ દામજી કેળવણી ફંડની રકમના વ્યાજમાંથી રૌપ્ય ચંદ્રક આપવામાં આવશે. આ બન્ને ચંદ્રકો 'શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ'ના જાહેર ઈનામી સમારંભ સમયે આપવા એમ પણ ઠરાવેલ છે. આ ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવા પણ ઠરાવ્યું છે.

---

## શેઠશ્રી કસ્તુરભાઇની આણંદજી કલ્યાણજી પેઢીના
## પ્રમુખ સ્થાનેથી નિવૃત્તિ

શેઠશ્રી કસ્તુરભાઇએ ૫૦ વર્ષો સુધી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ સ્થાને રહી સમગ્ર ભારતના જૈન સમાજને સારી દોરવણી અને માર્ગદર્શન પૂરા પાડેલ છે. અને જૈન સમાજની એકતા સ્થાપી છે. સમાજને ખૂબ જ કપરા અને કઠીન વર્ષો દરમિયાન શેઠશ્રીએ પોતાની શુદ્ધ સાત્વિક ભાવનાથી અને સાચા ધર્મપ્રેમથી સમાજને ઝંઝાવાતોમાંથી ઉગારી લીધેલ છે અને જૈન સમાજને પ્રગતિને માર્ગે આગળ ધપાવવામાં ખૂબ જ પરિશ્રમ અને બુદ્ધિપૂર્વક નિઃસ્વાર્થભાવે સેવા કરી છે અને સમાજની તથા પોતાની કીર્તિ વધાર્યા છે. તેમણે પેઢીના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું છે, પરંતુ હજી પણ સમાજને જ્યારે જ્યારે જરૂર પડશે ત્યારે તેમની સેવા અને માર્ગદર્શન મળતા રહેશે એવી આશા અસ્થાને ન ગણાય. તેઓ સમાજની સેવા કરવા સ્વાસ્થ્યમય દીર્ઘાયુ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા. તેમના સ્થાને પ્રમુખપદે આવતા શ્રી શ્રેણિકભાઇને અમે અભિનંદન આપીએ છીએ અને તેમના જેવા સેવાના શુભ કાર્યો કરતા રહે એવી શુભેચ્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## આપની થાપણુ વધતી જ રહે છે
## અમારી પુનઃ રોકાણુ યોજનામાં

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની પુનઃ રોકાણુ યોજનામાં થાપણુ પર ૧૭%થી પણુ વધારે વળતર શકય છે. તેથી આજે રૂા. ૫૦૦૦/ની થાપણુ ૧૨૦ માસ માટે મુકવામાં આવે તો રૂા. ૧૩,૫૩૫,૨૦ પાછા મળે.

પુનઃ રોકાણુ યોજનામાં રૂા. ૧૦૦૦/ની થાપણુ પણુ ૨૫ માસથી ૧૨૦ માસ સુધીની મુદત માટે સ્વીકારવામાં આવે છે.

બચતોને અમારી પુનઃ રોકાણુ યોજના નીચે રોકવામાં આવે તો સંતાનોના શિક્ષણુ, લગ્ન જેવી કૌટુંબિક જવાબદારીઓ અંગે ચિંતા કરવાની જરુર રહેતી નથી. વાસ્તવમાં અમારી પુનઃ રોકાણુ યોજના આપ તથા આપના કુટુંબ માટે સુવર્ણુમય ભવિષ્યની ખાત્રી સમાન છે.

વધુ વિગત માટે ખાતું ખોલાવવા માટે નજીકની શાખાના મેનેજરની મુલાકાત લ્યો.

# સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી મહત્ત્વાકાંક્ષા

શ્રી આત્માનંદ-પ્રકાશ માસિક છેલ્લા ૭૨ વર્ષથી નિયમિત જ્ઞાના-પ્રચારનું કાર્ય કરી સમાજ સેવા કરી રહેલ છે એ સૌને સુવિદિત છે.

માસિક વચન-સામગ્રીથી વાંચકોને સંતોષ હોવા છતાં માસિકને હજુ વધારે માહિતી સભર તેમજ લોકભોગ્ય અને વિદ્વદ્ભોગ્ય લેખો, કાવ્યો, ધાર્મિક પ્રસંગોના સમાચારો, સમાજ સેવાના ઉપયોગી સમાચારો વગેરે ઉમેરી વધારે ઉપયોગી બનાવવાની અમારી ભાવના છે.

પરંતુ કાગળની મોંઘવારી, પ્રિન્ટીંગ વગેરેના વધતા ખર્ચાઓ વગેરે વિચારણા માંગી લે છે. એ માટેનો એક ઉકેલ છે, અને તે એ કે માસિકના સ્નેહી, શુભેચ્છકો, વ્યાપારી બંધુઓ અને વિવિધક્ષેત્રના ઉદ્યોગપતિઓ તથા બેન્કો વગેરે પોતાની વ્યવસાયની જાહેરાત (વિજ્ઞાપન) મોકલી આપી અમારા ઉત્સાહ વૃદ્ધિમાં સહકાર આપે. તો અમારા માસિકમાં જાહેર ખબર આપી સહકાર આપવા સૌને વિનંતિ.

## * જાહેર ખબરના દર *

| | એક વખતના | વાર્ષિક (દશ અંકોમાં) |
|---|---|---|
| | રૂા. | રૂા. |
| ટાઇટલ પેજ (છેલ્લુ) ચોથું, (આખુ પાનું) | ૧૦૦) | ૮૦૦) |
| ટાઈટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખુ પાનું | ૭૫) | ૬૦૦) |
| અંદરનું આખુ પાનુ | ૫૦) | ૪૦૦) |
| અંદરનું અધું પાનું | ૩૦) | ૨૨૫) |
| અંદરનું પા પાનું | ૨૦) | ૧૫૦) |

સૌ શુભેચ્છોકોને સહકાર આપવા વિનંતિ.

—મંત્રીઓ

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only